SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

SGCCI MISSION 84 GLOBAL CONNECT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NO. 15069/ 1968

VOL.: 57 / ISSUE 6 / JAN. 2024

## નવી ટેક્ષટાઇલ પોલિસી વહેલી તકે જાહેર કરવા SGCCIના હોદ્દેદારોની ગુજરાતના માનનીય ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત સમક્ષ ભારપૂર્વક રજૂઆત



#GROW_GLOBALLY_WITH_SGCCI

# ACTIVITIES OF SGCCI

SGCCI MISSION 84 GLOBAL CONNECT

Signature BUSINESS CLUB

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
सा विद्या या विमुक्तये
SESDC
SGCCI EDUCATION HUB

SBC
SGCCI BUSINESS CONNECT
support & promote...

GFRRC
GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE
(An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

કાયમી સમાધાન પંચ

NCF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL
Est. 1992

GOLDEN JUBILEE AWARDS

SURAT CITYZEN'S COUNCIL TRUST
SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર
સમૃદ્ધિ

SGCCI infozine
e-newsletter - Monthly

# પ્રમુખ સ્થાનેથી...



**રમેશ વઘાસિયા, પ્રમુખ**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની પરિકલ્પના રજૂ કરી છે ત્યારે છેલ્લા ૮૩ વર્ષથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ – ધંધાઓના વિકાસ માટે પ્રયત્નશીલ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ આ દિશામાં પ્રયાસના ભાગ રૂપે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત સુરત, ગુજરાત રિજીયન સહિત ભારતથી ૮૪000 કરોડનું એક્ષપોર્ટ કરવા માટે કમર કસી છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરાયેલા આ વિઝનને સાકાર કરવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ બનાવવામાં આવ્યું છે અને તેની સાથે ભારતના ૮૪000 ઉદ્યોગ સાહસિકો અને વિશ્વના જુદા–જુદા દેશોના ૮૪000થી પણ વધુ બિઝનેસમેનોને જોડવા માટે મિટીંગોનો દૌર આગળ વધી રહયો છે.

ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ વિશ્વવ્યાપી નેટવર્ક ધરાવતી સામાજિક– આધ્યાત્મિક હિન્દુ સંસ્થા, બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણના પ.પૂ. બ્રહમવિહારી સ્વામીજીની દુબઇમાં મુલાકાત લીધી હતી અને તેઓને ભારતથી એક્ષપોર્ટ વધારવા અને દેશની અર્થવ્યવસ્થાને વધુ મજબૂત કરવા હેતુ દુબઇના બિઝનેસમેનોને મિશન ૮૪ની સાથે જોડવા નમ્ર અનુરોધ કર્યો હતો. મિશન ૮૪ અંતર્ગત મુંબઇ ખાતે કોન્સ્યુલેટ જનરલ ઓફ ધી રિપબ્લીક ઓફ સિંગાપોરના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ મિન્ગ કૂન્ગ ચિઓન્ગ, ઓનરરી કોન્સ્યુલેટ ઓફ ધી રિપબ્લીક ઓફ ઘાનાના મુંબઇ સ્થિત ઓનરરી કોન્સુલ પ્રેમલ લોખંડવાલા સાથે મિટીંગ કરી હતી. નવી દિલ્હી ખાતે બ્રાઝિલના એમ્બેસેડર કેનેથ એચ. ડા ગોબ્રેચા, જાપાનના એમ્બેસેડર હિરોશી સુઝુકી સાથે મુલાકાત કરી હતી.

સુરતના ઉદ્યોગકારોને આફ્રિકન દેશોમાં એક્ષપોર્ટ કરવા ઘણી તકો છે, આથી ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ અંતર્ગત આફ્રિકાના વિવિધ દેશોના એમ્બેસેડર તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે સુરતના ઉદ્યોગકારોની વન ટુ વન બિઝનેસ મિટીંગો ગોઠવવામાં આવી હતી. જેમાં ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસીલન્સી દેમેકે અત્નાકુ અને થર્ડ સેક્રેટરી મીસ સર્સે ઝેમેલક, લિસોથો એમ્બેસીના હાઇ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઇકી તિહાકુ મોરોજેલે અને લિસોથોના ઓનરરી કોન્સુલ જનરલ ઇન ઇન્ડિયા કિશોર વિરાણી (માલદાર), ધી હાઇ કમિશન ઓફ ધી રિપબ્લીક ઓફ નામિબિયાના હાઇ કમિશ્નર ગેબ્રિયલ સિનિમ્બો, રિપબ્લીક ઓફ અન્ગોલાના એમ્બેસેડર મેન્યુઅલ એડયુઆર્ડો ડોસ સાન્તોસ ઇ સિલ્વા બ્રાવો, ઘાના એમ્બેસીના કાઉન્સીલર મુનીરુ કાદિરી, સ્વીડનમાં અમેરિકાના પૂર્વ રાજદૂત ગ્રેગરી જે. નેવેલ તથા અમેરિકાના ઇન્ટરનેશનલ કોમર્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ડાયરેકટર ડો. સેમ નેજાંદે સાથે મિટીંગ કરવામાં આવી હતી.

આફ્રિકાના વિવિધ દેશો જેવા કે સેશેલ્સના હાઇ કમિશ્નર હર એકસલન્સ હેરીસોઆ લલાટીયાના એકાઉચે અને સેશેલ્સ હાઇ કમિશનના આસિસ્ટન્ટ રાકોટોમાવો, ટોગો દેશના ચાર્જ ડી'અફેર્સ મિ. યાવો એડેમ એકપેમેડો અને ટોગો હાઇ કમિશનના એટેચી ઓફ ધ મિશન મિ. માઝા વિયાવો મેન્ડેલી, અલ્જીરિયા એમ્બેસીના ફર્સ્ટ સેક્રેટરી એન્ડ ઇકોનોમિક અફેર્સના હેડ મિ. અબદેલી બોઇલઉટા, ઝિમ્બાબ્વે એમ્બેસીના ડેપ્યુટી એમ્બેસેડર પીટર હોબવાની અને કેન્યા હાઇ કમિશનના ટ્રેડ કાઉન્સિલર મિ. જરેદ બી. માયેકા સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી અને સુરતના ઉદ્યોગકારો આ દેશોમાં કઇ પ્રોડકટને એક્ષપોર્ટ કરી શકે તેના વિશે તેઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

વિશ્વમાં ભારત ગોલ્ડ જ્વેલરીની ખપતમાં બીજો ક્રમાંક ધરાવે છે. હાલમાં વિશ્વમાં માત્ર પાંચ દેશોમાં જ ભારત ૯૦ ટકા ગોલ્ડ જ્વેલરી એક્ષપોર્ટ કરે છે. ભારત ગોલ્ડ જ્વેલરી ક્ષેત્રે વિશ્વના સૌથી મોટા નિકાસકારોમાંનું એક છે. તાજેતરમાં યુએસએ ભારતીય આભૂષણો માટે સૌથી મોટા નિકાસ સ્થળ તરીકે યુએઇને પાછળ છોડી દીધું છે, આથી સુરતથી જ્વેલરી બનાવીને એક્ષપોર્ટ કરવા ખૂબ જ વિશાળ તક રહેલી છે.

બીજી તરફ, ભારતનું કુલ એક્ષપોર્ટ માર્કેટ ૧૭૫ બિલિયન યુએસ ડોલરનું છે, જેમાં ૧૨૫ બિલિયન યુએસ ડોલર ભારતનું ડોમેસ્ટીક માર્કેટ છે. એમાં પણ ૯૨ બિલિયન યુએસ ડોલરનું સેલ ગારમેન્ટનું છે. વર્ષ ૨૦30 સુધીમાં ભારતનો એક્ષપોર્ટ ટાર્ગેટ ૩૫૦ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચાડવાનો છે, જેમાંથી ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો એક્ષપોર્ટ કરવાનો અને ૨૫૦ બિલિયન યુએસ ડોલરનું ડોમેસ્ટીક માર્કેટનો છે. અમેરિકામાં અન્ય દેશોમાંથી ૩૨ બિલિયન યુએસ ડોલરનું એક્ષપોર્ટ થાય છે, જેમાં ભારતનો હિસ્સો માત્ર ૨ ટકાનો છે ત્યારે અમેરિકામાં ગારમેન્ટ એક્ષપોર્ટ માટે ભારત પાસે ૯૮ ટકા એટલે કે આખું માર્કેટ ખુલ્લું છે.

સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવે અને પ્રોપર પ્લાનિંગની સાથે તેઓ ગારમેન્ટનું મેન્યુફેકચરીંગ કરી એક્ષપોર્ટ કરી શકે તે માટે તેઓને માહિતગાર કરવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગારમેન્ટ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં'ફેશન ફોરકાસ્ટીંગ'અને 'ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં સૂચક રંગો અને રંગ મેચિંગનું મહત્વ' વિશે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. 'ગારમેન્ટ કોન્કલેવનું લક્ષ્ય ગારમેન્ટ ક્ષેત્રે શહેરીજનોના બિઝનેસમાં વૃદ્ધિ કરવાનો અને એક્ષપોર્ટ વધારવાનો હતો. ગારમેન્ટ ક્ષેત્રે વિશ્વમાં કેવા કપડાની જરૂર છે? તેના પર રિસર્ચ કરી તેનું વધુ ઉત્પાદન કરી વિશ્વના ૮૪ દેશોમાં એક્ષપોર્ટ થાય તેવું આયોજન કરી તેને સુપેરે પાર પાડવા માટે પ્રયાસ કરવાનો છે.

આભાર...

# અનુક્રમણિકા

## ચેમ્બરના હોદ્દેદારો


**રમેશ વઘાસિયા**
પ્રમુખ

**વિજય મેવાવાલા**
ઉપ પ્રમુખ

**હિમાંશુ બોડાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**નિખિલ મદ્રાસી**
માનદ્ મંત્રી

**કિરણ ઠુમ્મર**
માનદ્ ખજાનચી

સલાહકાર
**પ્રફુલ્લ એચ. ગાંધી**

તંત્રી
**નિખિલ મદ્રાસી**

સહ તંત્રી
**વિપુલ સાસપરા**

'સમૃદ્ધિ' મેગેઝીન કો. ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પવાર**

ડિઝાઈન એન્ડ ગ્રાફિક્સ
**ભાવિક દવે**

પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડીંગ, એસઆઈઈસીસી કેમ્પસ,
ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ,
સરસાણા, સુરત-૩૯૫૦૦૭, ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૨૬૧-૨૨૯૧૧૧૧
(E) info@sgcci.in (W) www.sgcci.in

સંપર્કઃ ધનેન્દ્ર પાટીલ, ડે. સેક્રેટરી


સમૃધ્ધિમાં પ્રસિદ્ધ થતા વકતા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહીં


| | | |
|---|---|---|
| 1 | દુબઈમાં SGCCIના હોદ્દેદારોએ BAPS સ્વામીનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રવકતા શ્રી બ્રહ્મવિહારી સ્વામીજી સાથે મુલાકાત કરી | 06 |
| 2 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત ન્યુ યોર્ક મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશ્નર શ્રી દિલીપ ચૌહાણ સાથે મિટીંગ યોજાઇ | 11 |
| 3 | ઘાનાના કાઉન્સીલરે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓને ઘાનામાં ટેક્ષ્ટાઇલ યુનિટો સ્થાપવા આમંત્રણ આપ્યું | 24 |
| 4 | જેમ્સ એન્ડ જ્વેલરી વિશે પ્રિ–વાઇબ્રન્ટ સમિટના પુર્વાધ રૂપે યોજાયેલા સેમિનારમાં 'Redefining G&J : A Vision for Gujarat's Tech Powered Transformation' વિષય પર સેશન યોજાયું | 27 |
| 5 | સ્વીડનમાં અમેરિકાના પૂર્વ રાજદૂત ગ્રેગરી જે. નેવેલે મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લીધી | 30 |
| 6 | ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત આફ્રિકાના પાંચ દેશો સેશેલ્સ, ટોગો, અલ્જીરીયા, ઝિમ્બાબ્વે અને કેન્યાના ડેલીગેશન સાથે ટ્રેડ મિટીંગ યોજાઇ | 33 |
| 7 | સુરતના ઉદ્યોગ સાહસિકોને એજ્યુકેટ કરવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ગારમેન્ટ કોન્કલેવ ૨૦૨૩' યોજાઇ | 36 |
| 8 | એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે વ્યવસયિક માહિતીના આદાન – પ્રદાન માટે સમજૂતિ કરાર થયા | 41 |
| 9 | મિશન ૮૪ અંતર્ગત થાઇલેન્ડ તથા ન્યુઝીલેન્ડ, જાપાન અને સિંગાપોરના ડેલીગેશન સાથે બીટુબી ઇન્ટરેકટીવ મિટીંગ મળી | 49 |
| 10 | ચેમ્બર ઓફ કોમર્સ, ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે નવસારીમાં 'NRI મેરેજ અવેરનેસ' સેમિનાર યોજાયો | 51 |
| 11 | ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોની નવી ટેક્ષ્ટાઇલ પોલિસી વહેલી તકે જાહેર કરવા ગુજરાતના માનનીય ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત સમક્ષ ભારપૂર્વક રજૂઆત | 56 |


## તંત્રી સ્થાનેથી...

પ્રિય વાચકશ્રીઓ,

નિયમિત અંતરે પ્રકાશિત થતા સમૃદ્ધિ મેગેઝિનનો આ વર્ષનો પાંચમો અંક આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરતા અત્યંત આનંદ અને ગર્વની લાગણી થાય છે.

સમૃદ્ધિ મેગેઝિન એટલે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના આદર્શ અને ઉત્તરદાયિત્વનું પ્રતિબિંબ કરાવતું દર્પણ. આ દર્પણ સાચા અર્થમાં સંસ્થાની પ્રવૃત્તિઓનું દર્પણ બની રહે તેવી આશા સાથે અમારી લાગણીને અલ્પવિરામ આપીએ છીએ.

આભાર...



નિખિલ મદ્રાસી, તંત્રી



પ્રફૂલ્લ ગાંધી, સલાહકાર



વિપુલ સાસપરા, સહતંત્રી

**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે.**

# ચેમ્બરના હોદ્દેદારો 2023-24



**રમેશ વઘાસિયા**
પ્રમુખ



**વિજય મેવાવાલા**
ઉપ પ્રમુખ



**હિમાંશુ બોડાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**નિખિલ મદ્રાસી**
માનદ્ મંત્રી



**કિરણ ઠુમ્મર**
માનદ્ ખજાનચી

# દુબઇમાં SGCCIના હોદ્દેદારોએ BAPS સ્વામીનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રવકતા શ્રી બ્રહમવિહારી સ્વામીજી સાથે મુલાકાત કરી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ૧લી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ચેમ્બર પ્રમુખે દુબઇ ખાતે BAPS સ્વામીનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રવકતા શ્રી બ્રહમવિહારી સ્વામીજી સાથે મુલાકાત કરી હતી.

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એ એક સામાજિક–આધ્યાત્મિક હિન્દુ સંસ્થા છે. વિશ્વવ્યાપી નેટવર્ક ધરાવતી આ સંસ્થાના સાર્વત્રિક કાર્ય કેન્દ્રોને ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો અને સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાણ પ્રાપ્ત થયું છે. અનેક દેશોમાં આ સંસ્થાના હજારો મંદિરો છે. દુબઇમાં અબુ ધાબી ખાતે સ્વામી નારાયણ મંદિર બની રહયું છે. આ મંદિર તૈયાર કરવાની જવાબદારી જેમના શિરે છે એવા બ્રહમવિહારી સ્વામીજી સાથે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ મુલાકાત કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, BAPS સ્વામીનારાયણ સંસ્થા સાથે ઘણા ઉદ્યોગકારો જોડાયેલા છે અને આ બિઝનેસ સમૂહો દુબઇમાં પણ કાર્યરત છે, આથી આ સંસ્થાના આંતરરાષ્ટ્રીય પ્રવકતા બ્રહમવિહારી સ્વામીજી સમક્ષ તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું અને આ સંસ્થા સાથે જોડાયેલા દુબઇ અને વિશ્વના અન્ય દેશોના બિઝનેસમેનોને મિશન ૮૪ના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે અનુરોધ કર્યો હતો. ભારતથી એક્ષ્પોર્ટ વધે તે માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને દુબઇના વેપારીઓની સાથે જોડવા માટે તેમજ તેઓને આંતરરાષ્ટ્રીય વ્યાપારની તકો આપવા ચેમ્બર પ્રમુખે સ્વામીજીને વિનંતી કરી હતી.

બ્રહમવિહારી સ્વામીજી ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે બાપ્સ સંસ્થા સાથે જોડાયેલા દુબઇ તથા વિશ્વના અન્ય દેશોના બિઝનેસમેનોને આ મહત્વાકાંક્ષી પ્રોજેકટના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલની સાથે ઓનબોર્ડ કરવા માટેની ખાત્રી આપી હતી. સાથે જ સુરતના ઉદ્યોગકારો દુબઇ તથા વિશ્વના અન્ય વેપારીઓની સાથે સીધા સંપર્કમાં આવી શકે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ બિઝનેસ કરી શકે તે માટે પણ પ્રયાસો કરવાની તૈયારી દર્શાવી હતી.

બ્રહમવિહારી સ્વામીજીએ ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ ભારત દેશની ઇકોનોમીને વધુ મજબૂત કરવા માટે જેટલો મહત્વનો છે તેટલું જ તેનું કાર્ય અઘરું પણ છે, આથી તેમણે ચેમ્બર પ્રમુખને આ પ્રોજેકટની સફળતા હેતુ 3 T એટલે કે ટ્રુથ, ટ્રસ્ટ અને ટ્રાન્સપરન્સી સાથે કામ કરવાની સલાહ આપી હતી.

વધુમાં સ્વામીજીએ કહયું હતું કે, મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઘણી મુશ્કેલીઓ આવશે પણ મકકમતાથી બધાને સાથે લઇને ચાલશો અને હિંમત હાર્યા વગર કામ કરશો તો કામ થઇ જશે. દેશ માટે અત્યંત જરૂરી અને ઉપયોગી આઇડિયાને લઇને આગળ વધો અમે તમારી સાથે છીએ તેમ કહીને તેમણે ચેમ્બરના હોદ્દેદારોને પ્રોત્સાહન આપી જરૂરી મદદ કરવાની તૈયારી દર્શાવી હતી.

# દુબઈમાં સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને વ્યાપાર કરવાની તમામ સુવિધા આપનારી કંપનીઓ સાથે ચેમ્બર દ્વારા ટાયઅપ કરાશે




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત તા. ૧લી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ દુબઈ ખાતે માઉન્ટેન મોન્ક કંપનીના કલાયન્ટ રિલેશનશિપ મેનેજર દિપા ઝા સાથે મુલાકાત કરી હતી. માઉન્ટેન મોન્ક એ દુબઈમાં અન્ય ઉદ્યોગકારોને દુબઈના વેપારીઓ સાથે બિઝનેસ કરવાની તમામ સુવિધા આપતી કંપની છે. આ કંપની દુબઈમાં વિશ્વના જુદા–જુદા દેશોના ઉદ્યોગકારોને પોતાની કંપની પ્રસ્થાપિત કરવા સુધીની તમામ મદદ કરે છે, જેમાં લીગલ કોમ્પ્લાયન્સથી માંડીને વિવિધ પ્રવૃત્તિઓ કરવા સુધીનો સમાવેશ થાય છે.

ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, મિશન ૮૪ અંતર્ગત માઉન્ટેન મોન્ક અને બ્લેક સ્વાન બિઝનેસ કનેકટ સર્વિસિસ જેવી કંપનીની મદદથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓને દુબઈના વેપારીઓ સાથે જોડવામાં આવશે. ત્યારબાદ સુરતના ઉદ્યોગકારો – વેપારીઓ સરળતાથી દુબઈના વેપારીઓને પોતાની પ્રોડકટ વેચી શકશે. તદુપરાંત દુબઈના માધ્યમથી વિશ્વના અન્ય દેશોમાં પણ તેઓ પોતાની પ્રોડકટ સરળતાથી એક્ષપોર્ટ કરી શકશે. એના માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આગામી દિવસોમાં આ બંને કંપનીઓ સાથે ટાયઅપ કરવાની દિશામાં આગળ વધશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઉપરોકત બંને કંપનીઓના પ્રતિનિધિઓને દુબઈના વેપારીઓ સાથે સુરત ખાતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને વિવિધ ઉદ્યોગોની મુલાકાતાર્થે તેમજ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે વન ટુ વન બિઝનેસ મિટીંગો કરવા માટે આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.



# ચેમ્બર દ્વારા મિશન ૮૪ અંતર્ગત 'ઇન્ટરનેશનલ ટ્રેડ એન્ડ કોમ્પ્લાયન્સિસ' વિશે સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત શનિવાર, તા. ૦૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે પ્રિન્સીપલ કન્સલ્ટન્ટ એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેઇનર, ટ્રેડ ફાયનાન્સ એન્ડ કોમ્પ્લાયન્સ એડવાઇઝરી ફર્મ શ્રીયા એન્ટરપ્રાઇઝના ફાઉન્ડર સ્વાતિ પણજીએ ઉદ્યોગ સાહસિકો તેમજ આયાતકારો અને નિર્યાતકારોને આરબીઆઇ અને ફેમા સંબંધિત ઇન્ટરનેશનલ ટ્રેડ કોમ્પ્લાયન્સિસ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ભારતમાં પહેલા ફેરા ફોરેન એકસચેન્જ રેગ્યુલેશન એકટ હતો, તેમાંથી અત્યારે ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એકટ છે. વર્ષ ૧૯૯૧માં આવેલા આર્થિક સંકટ એટલે કે વિદેશી હુંડિયામણ પૂર્ણ થવાના આરે હતું, ત્યારે સમસ્યાના નિરાકરણના ભાગરૂપે આ એકટમાં ફેરફાર થયા બાદ ફેરાની જગ્યાએ ફેમા અમલી કરવામાં આવ્યો હતો.

ફેમાનો મુખ્ય હેતુ જે કોઇ પણ વ્યક્તિ વિદેશી હુંડિયામણ જોડે વ્યાપાર કરે છે તે વ્યકિત વિદેશી હુંડિયામણનો કેટલો ઉપયોગ કરી શકે, કેટલું રાખી શકે, વિદેશમાં કેટલું રોકાણ કરી શકે, કઇ સ્થિતીમાં પ્રોડકટની આયાત–નિર્યાત કરી શકે છે તે બધાની જોગવાઇઓ ધરાવતો એકટ છે. વર્ષ ૨૦૨૧–૨૨માં ફેમા એકટ હેઠળ ભારતમાં કુલ ૫૫૧૧ કેસ ભારત સરકારે દાખલ કર્યા હતા. આજે જ્યારે વિશ્વ એક ઇન્ટીગ્રેટેડ માર્કેટ થઇ રહયું છે અને ઓનલાઇન બિઝનેસનો સમય આવ્યો છે તેવા સંજોગોમાં ભારત જ્યારે નિર્યાત વધારવા તરફ ધ્યાન આપી રહયું છે ત્યારે ફેમા એકટની જોગવાઇઓ સમજવી ખૂબ જ જરૂરી બની રહી છે, આથી ફેમા એકટની વિસ્તૃત સમજણ આપવા માટે આ સેશન યોજાયું હતું.

નિષ્ણાંત સ્વાતિ પણજીએ ફેમા એકટ અંતર્ગત કરન્ટ ટ્રાન્ઝેકશન અને કેપિટલ ટ્રાન્ઝેકશન અંગે માહિતી આપી હતી. ડોકયુમેન્ટ કોમ્પ્લાયન્સિસ માટે શું કરવું જોઇએ? અને શું નહીં કરવું જોઇએ? તેની વિસ્તૃત સમજણ આયાતકારો અને નિર્યાતકારોને આપી હતી. તેમણે ઉદ્યોગ સાહસિકોને ઓથોરાઇઝ ડિલર સાથે જ ટ્રાન્ઝેકશન કરવાની સલાહ આપી હતી. સાથે જ શિપીંગ બિલ તથા અન્ય ઘણી બાબતોમાં કાળજી રાખવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે મર્ચન્ટીંગ ટ્રેડ ટ્રાન્ઝેકશન વિશે સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર સંજય પંજાબી તથા ઉદ્યોગ સાહસિકો, આયાતકારો અને નિર્યાતકારો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મરે સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. વકતાએ ફેમા એકટ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ડેટા પ્રોટેકશન એકટ– ૨૦૨૩' વિશે વર્કશોપ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગકારો અને વેપારીઓને સરકાર દ્વારા અમલી કરવામાં આવેલા 'ડેટા પ્રોટેકશન એકટ– ૨૦૨૩'થી અવગત કરાવવાના હેતુથી શનિવાર, તા. ૦૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે સાયબર સિકયુરિટી નિષ્ણાંતો સ્વાતિ ફડકે અને ધર્મેશ રાઠોડે ઉદ્યોગકારો અને વેપારીઓને ડેટા પ્રોટેકશન એકટ– ૨૦૨૩ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

સાયબર સિકયુરિટી નિષ્ણાંત સ્વાતિ ફડકેએ જણાવ્યું હતું કે, ડેટા પ્રોટેકશન એકટ મુજબ કંપનીઓને ડેટા સુરક્ષિત રાખવો પડશે. તેઓ કોઇ પણ ડાર્ક વેબ પર નહીં મૂકી શકશે અથવા શેર નહીં કરી શકશે. તેમણે પર્સનલ ડેટા ઓર્ગેનાઇઝેશન અને સ્માર્ટ ડિવાઇસ કેવી રીતે ડેટાને બેકગ્રાઉન્ડમાં મેળવે છે? તે અંગેની માહિતી આપી હતી. ડેટા પ્રોટેકટ એકટ માત્ર પર્સનલ ડેટાની સુરક્ષા માટે છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વિશ્વના વિવિધ દેશોમાં અમલી ડેટા પ્રોટેકશન માટેના નિયમો અને કાયદાઓની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

સાયબર સિકયુરિટી નિષ્ણાંત ધર્મેશ રાઠોડે સંસ્થાઓ તેમજ કોર્પોરેટ કંપનીઓમાં સાયબર સિકયુરિટી ઉપર અપાતા ધ્યાન વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સાયબર હુમલાખોરો પાસે હુમલા કરવાના અનેક ઉદ્દેશ્ય હોઇ શકે છે. તેઓ કોઇ પણ સાઇટ અથવા એપ પર બ્લુ ટુથ થકી સાયબર એટેક કરી શકે છે. ૯૦ના દશકમાં માત્ર વાયરસ જ જોવા મળતા હતા પણ અત્યારે મોબાઇલ, લેપટોપ અને વેબસાઇટ હેક થાય છે. તેમણે સાયબર એટેકથી બચવાના ઉપાયો જણાવ્યા હતા. સાથે જ કંપનીઓ અથવા સંસ્થાઓએ સાવચેતી માટે કયા – કયા પગલા લેવા જોઇએ તેની સમજણ આપી હતી. સાયબર એટેક કરવા માટે સાયબર હુમલાખોરો નાગરિકોના ડેટા અને એપીઆઇ કેવી રીતે મેળવે છે? તે સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન કમલેશ ગજેરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતા તથા ઉદ્યોગકારો – વેપારીઓ અને પ્રોફેશનલ્સ વર્કશોપમાં હાજર રહયા હતા. ચેમ્બરની સાયબર સિકયુરિટી કમિટીના ચેરમેન નિરવ ગોટીએ સમગ્ર વર્કશોપનું સંચાલન કર્યું હતું. બંને નિષ્ણાંઓએ સાયબર સિકયુરિટી એકટ સંબંધિત શ્રોતાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ વર્કશોપનું સમાપન થયું હતું.



# ચેમ્બર અને કેટના સંયુક્ત ઉપક્રમે 'ડિજીટલ બિઝનેસ ગ્રોથ ઓન વોટ્સએપ અને GST એન્ડ FSSAI' વિશે સેમિનાર યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધ કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ, ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે રવિવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે 'ડિસ્કવર ધ ગેટવે ટુ ડિજીટલ બિઝનેસ ગ્રોથ ઓન વોટ્સએપ અને GST એન્ડ FSSAI' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના સેક્રેટરી જનરલ પ્રવિણ ખંડેલવાલે ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે ટેલિફોન અને કોમ્યુનિકેશનના વર્ષ ૮૦–૯૦ના દાયકાની યાદ ઉદ્યોગ સાહસિકોને અપાવી હતી. અગાઉના દસકોમાં સમય સિમિત બિઝનેસ જોવા મળતો હતો, પરંતુ હાલમાં સમય અને સ્થળની મર્યાદા ઓળંગીને સોશિયલ મીડિયાના ઉપયોગ થકી બિઝનેસ થવા લાગ્યો છે. જેના ઉપયોગથી ઉદ્યોગ સાહસિકો પોતાના બિઝનેસનો ગ્રોથ કરી શકે છે. હાલમાં માત્ર ભારતમાં જ વોટ્સએપ બિઝનેસના ૪૦ કરોડથી વધુ યુઝર્સ છે, જેઓ વોટ્સએપ બિઝનેસ થકી ઉત્પાદનોનું વેચાણ કરી રહ્યા છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના સેક્રેટરી જનરલ પ્રવિણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, દેશનો વેપારી દેશની અર્થવ્યવસ્થામાં મહત્વની ભૂમિકા પ્રદાન કરે છે. એમએસએમઈમાં વેપારીઓ માટે લાભદાયી અનેક સ્કીમો છે, પરંતુ અનેક ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ તેનાથી અજાણ છે. આગામી ૫ વર્ષમાં એમેઝોન, ફ્લિપકાર્ટ જેવી ઈ–કોમર્સ સાઈટને પાછળ મૂકી સોશિયલ કોમર્સ હરણફાળ રીતે આગળ વધશે.

હાલમાં એક વર્ષમાં સોશિયલ કોમર્સ થકી ૮ બિલિયન ડોલરનું વેચાણ થાય છે, જે વર્ષ ૨૦૨૩ સુધી ૮૫ બિલિયન ડોલરનું થઈ જશે. દરેક વેપારીએ પોતાના બિઝનેસનો ગ્રોથ કરવા માટે સોશિયલ કોમર્સનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેટનો લક્ષ્યાંક ૧૦ હજાર વેપારીઓને સોશિયલ કોમર્સ પર લાવવાનો છે. હાલમાં સફળ વ્યાપાર કરવા માટે ઈન્ટરનેટ, ટેકનોલોજી, કોમ્યુનિકેશન, નેટવર્કીંગ અને લોજીસ્ટિક હોવું ખૂબ જ જરૂરી છે.

રોહન દેસાઈએ ઉદ્યોગ સાહસિકોને આગામી સમયમાં જીએસટીમાં આવનારા ફેરફારો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે મેટાના કર્મચારી નેહા બજાજ અને પ્રિયાંશ દ્વારા ઉદ્યોગ સાહસિકોને વોટ્સએપ બિઝનેસ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર બિઝનેસ કેવી રીતે કરી શકાય? તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ફૂડ પ્રોસેસિંગ કમિટીના સભ્ય ચંદ્રેશ કંસાગરાએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટમાં વેપારીઓને નડતરરૂપ પ્રશ્નોની નવી દિલ્હી ખાતે સંબંધિત વિભાગને રજૂઆત કરવા માટે કેટના સેક્રેટરી જનરલ પ્રવિણ ખંડેલવાલને મૌખિક રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મરે સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની રિટેઈલ ટ્રેડ કમિટીના ચેરમેન પ્રમોદ ભગતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે કમિટીના કો–ચેરમેન મિતેશ શાહે સેમિનારનું સંચાલન કર્યું હતું. રિટેઈલ ટ્રેડ કમિટીના કો– ચેરમેનો ચંપાલાલ બોથરા અને બરકતઅલી પંજવાણી, ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. વકતાઓએ વેપારીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત ન્યુ યોર્ક મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશ્નર શ્રી દિલીપ ચૌહાણ સાથે મિટીંગ યોજાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત સોમવાર, તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૭:૦૦ કલાકે અવધ ઉટોપિયા, ડુમસ રોડ, સુરત ખાતે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ માટે ઇન્ડસ્ટ્રી મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમેરિકાના ન્યુ યોર્ક મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશ્નર દિલીપ ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. જ્યારે અમેરિકાના અટલાન્ટાના C M E S (કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ એન્ડ એન્જીનિયરીંગ સર્વિસિસ)ના બોર્ડ મેમ્બર ચતુરભાઇ છભાયાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ આ મિટીંગમાં મુંબઇથી ઓનલાઇન જોડાઇને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે ૧૯૧.૮ બિલિયન યુએસ ડોલરનો વાર્ષિક વ્યાપાર થાય છે. ભારતમાં એફડીઆઇમાં અમેરિકાનો ફાળો ૧૭.૨ ટકા છે અને એની કિંમત ૧૦૩ બિલિયન યુએસ ડોલર થાય છે. અમેરિકામાં કુલ ડોકટરોમાં ૫ ટકા જેટલા ડોકટરો ભારતીય મૂળના છે. અમેરિકા સિલિકોન વેલીમાં ટેકનોલોજી સ્ટાર્ટ–અપ થાય છે તેમાંથી ૯ ટકા જેટલા સ્ટાર્ટ–અપ ભારતીય મૂળના ઉદ્યોગ સાહસિકો દ્વારા સ્થાપવામાં આવે છે. આ ઉપરાંત અમેરિકામાં રહેતા મૂળ ભારતીયોની સરેરાશ વાર્ષિક આવક ૧ લાખ યુએસ ડોલર કરતા વધુ છે, જે અમેરિકાના સામાન્ય નાગરિક કરતા ઘણી વધારે છે. વધુમાં અમેરિકામાં નવા સ્થપાનારા પાંચમાંથી ચાર ધંધા – વ્યવસાય સફળ થાય છે.

વધુમાં ચેમ્બર પ્રમુખે અમેરિકાના ન્યુ યોર્ક મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશ્નર દિલીપ ચૌહાણને મિશન ૮૪ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. ભારત અને અમેરિકાની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે તેમજ દ્વિપક્ષીય વ્યાપારને વધુ ડેવલપ કરવા આ પ્રોજેક્ટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે સમજણ આપી તેની સાથે જોડાવા માટે તેમજ અમેરિકાના બિઝનેસમેનોને એના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે તેમને અનુરોધ કર્યો હતો.

તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતથી ઉદ્યોગકારો અને વેપારીઓનું બિઝનેસ ડેલીગેશન ન્યુ યોર્ક સિટી ખાતે લાવીશું તેમ જણાવી ન્યુ યોર્ક સિટીના બિઝનેસમેનોના ડેલીગેશનને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગ – ધંધાઓની મુલાકાતાર્થે લાવવા માટે આમંત્રણ આપ્યું હતું. ચેમ્બર પ્રમુખે બિઝનેસ ડેલીગેશન એક્ષચેન્જ કરવા માટે તેમને વિનંતી કરી હતી, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા. તેમણે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ, અમેરિકાના બિઝનેસમેનો સાથે સીધો વ્યાપાર કરી શકે તે માટે મિશન ૮૪ અંતર્ગત યોજાયેલી મિટીંગનું મહત્વ સમજાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસી આ મિટીંગમાં ઓનલાઇન જોડાયા હતા. માનદ્ખજાનચી કિરણ ઠુમ્મરે મિટીંગમાં ઉપસ્થિત ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા તથા પૂર્વ પ્રમુખ રોહિત મહેતા અને પ્રફૂલ શાહ, ગૃપ ચેરમેનો, સીએ પ્રોફેશનલ્સ, ઉદ્યોગકારો – વેપારીઓ તેમજ મિટીંગ માટે જહેમત ઉઠાવનારા મિશન ૮૪ પ્રોજેક્ટના કો–ઓર્ડિનેટર સંજય



પંજાબી, ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન કમિટીના ગ્રુપ ચેરમેન અમિષ શાહ સહિત સર્વેનો આભાર માન્યો હતો.

મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન કમિટીના ચેરમેન હર્ષલ ભગતે મુખ્ય મહેમાન દિલીપ ચૌહાણનો પરિચય આપ્યો હતો. દિલીપ ચૌહાણે મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, વેપારીઓ અને પ્રોફેશનલ્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.

સુરત અને ન્યુ યોર્ક સિટી વચ્ચે આર્થિક વિકાસ માટે વિચારોનું આદાન – પ્રદાન થઇ શકે તેમજ પરસ્પર પ્રોડકટ અને સર્વિસનું ખરીદ – વેચાણ થાય તે માટે બંને શહેરો વચ્ચે 'સિસ્ટર સિટી ઇકોનોમિક એગ્રીમેન્ટ' કરાશે : દિલીપ ચૌહાણ

અમેરિકાના ન્યુ યોર્ક મેયર ઓફિસના ઇન્ટરનેશનલ અફેર્સના ડેપ્યુટી કમિશ્નર દિલીપ ચૌહાણ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટથી ઘણા પ્રભાવિત થયા હતા અને આ પ્રોજેકટને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરત અને ન્યુ યોર્ક સિટી વચ્ચે 'સિસ્ટર સિટી ઇકોનોમિક એગ્રીમેન્ટ' કરવામાં આવશે. જેથી કરીને સુરત અને ન્યુ યોર્ક સિટીના આર્થિક વિકાસ માટે વિચારોનું આદાન – પ્રદાન કરી શકાય અને પરસ્પર પ્રોડકટ અને સર્વિસનું ઇમ્પોર્ટ – એક્ષ્પોર્ટ કરી શકાય. આ એગ્રીમેન્ટ અંતર્ગત બંને શહેરોમાં નોલેજ અને ટેકનોલોજીનું પણ આદાન – પ્રદાન કરવામાં આવશે.

તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને અમેરિકાના ન્યુ યોર્ક શહેરમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, ફાર્માસ્યુટિકલ, જેમ્સ એન્ડ જ્વેલરી, હોટેલ ઇન્ડસ્ટ્રી, ટ્રેડીંગ અને સર્વિસ ઇન્ડસ્ટ્રીમાં રહેલી તકો વિશે માહિતી આપી તેમાં રોકાણ કરવા અનુરોધ કર્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના સભ્યોને તેમણે ન્યુ યોર્કમાં વેપાર – ઉદ્યોગ કરવા માટે આવકાર્યા હતા અને એના માટે તમામ સભ્યોને બધી જ રીતે મદદરૂપ થવાની બાંહેધરી આપી હતી.

તેમણે ચેમ્બર ઓફ કોમર્સના ઉદ્યોગકાર – વેપારી સભ્યોને ન્યુ યોર્કના બિઝનેસમેનો સાથે વ્યાપાર કરવા માટે ન્યુ યોર્કના ચેમ્બર ઓફ કોમર્સ તેમજ અન્ય સંસ્થાઓ પાસેનો ડેટા મેળવવા માટે મદદરૂપ થવાની પણ ખાતરી આપી હતી. તેમણે મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ ન્યુ યોર્કમાં વ્યાપાર – ઉદ્યોગ તેમજ સર્વિસ ઇન્ડસ્ટ્રીમાં સક્રિય થવા અનુરોધ કર્યો હતો. સાથે જ એજ્યુકેશન સેકટરમાં નોલેજ પાર્ટનર માટે સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ પ્રપોઝ કર્યો હતો.

દિલીપ ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે, અમેરિકાના ન્યુ યોર્ક સિટીમાં દિવાળી તહેવાર નિમિત્તે જાહેર રજા આપવાની શરૂઆત કરવામાં આવી છે. તદુપરાંત દુર્ગાપુજા, ગણેશોત્સવ અને શિવાજી જયંતિની પણ ન્યુ યોર્કમાં ઉજવણી કરવામાં આવે છે.

અમેરિકાના અટલાન્ટાના CMESના બોર્ડ મેમ્બર ચતુરભાઇ છભાયાએ જણાવ્યું હતું, અમેરિકામાં ઉદ્યોગ – વ્યાપાર માટે રોકાણ કરવું સહેલું છે. કંપનીનું રજિસ્ટ્રેશન પણ ઓનલાઇન સરળતાથી કરી શકાય છે. અમેરિકામાં ઉદ્યોગો વચ્ચે હેલ્ધી કોમ્પીટિશન જોવા મળે છે. ઉદ્યોગકારો અને વેપારીઓ કવોલિટી કન્સિસ્ટન્સી અને કમિટમેન્ટ પર ફોકસ કરશે તો બિઝનેસ માટેના ટાર્ગેટ સરળતાથી પૂર્ણ કરી શકશે.



# ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ મિશન ૮૪ અંતર્ગત મુંબઇ ખાતે સિંગાપોરના કોન્સુલ જનરલ અને ઘાનાના ઓનરરી કોન્સુલ સાથે મિટીંગ કરી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત સોમવાર, તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઇ ખાતે કોન્સ્યુલેટ જનરલ ઓફ ધી રિપબ્લીક ઓફ સિંગાપોરના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ મિન્ગ ફૂન્ગ ચિઓન્ગ સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ ઓનરરી કોન્સ્યુલેટ ઓફ ધી રિપબ્લીક ઓફ ઘાનાના મુંબઇ સ્થિત ઓનરરી કોન્સુલ પ્રેમલ લોખંડવાલા સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ મિશન ૮૪ પ્રોજેક્ટ અંગે ઉપરોક્ત બંને કોન્સુલ જનરલને વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારત સહિત તેમના દેશની અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેક્ટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪, ૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા- જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયા છે. એવી રીતે જ ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો કરવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત અન્ય એક અગત્યની બાબત એ છે કે, ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરાઇ રહયા છે. જેથી કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાત જ નહીં પણ ગુજરાત અને ભારતભરના ઉદ્યોગકારો અને વેપારીઓને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન મળી શકે, જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે મિટીંગો કરવામાં આવી રહી છે.

ચેમ્બર પ્રમુખે સિંગાપોરના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ અને ઘાનાના મુંબઇ સ્થિત ઓનરરી કોન્સુલને જણાવ્યું હતું કે, વિવિધ કોન્સ્યુલેટ જનરલ ઓફિસો જુદા-જુદા દેશોના બિઝનેસમેનો સાથે મિટીંગો કરતી હોય છે ત્યારે આ મિટીંગોમાં ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટને પ્રમોટ કરવા માટે ચેમ્બરના હોદ્દેદારોને તક આપવા માટે તેમણે વિનંતી કરી હતી. સાથે જ તેમના દેશોના બિઝનેસમેનોને સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે સીધા સંપર્કમાં લાવવા માટે અનુરોધ કર્યો હતો, જેથી કરીને બે દેશો વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર વધુ મજબૂત થઇ શકે અને તેના થકી બંને દેશો આર્થિક વિકાસ સાધી શકે. એના માટે તેમણે સિંગાપોરના કોન્સુલ જનરલ અને ઘાનાના ઓનરરી કોન્સુલને મિશન ૮૪ને સહયોગ આપવા એના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ થવા અનુરોધ કર્યો હતો.

સિંગાપોરના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ મિન્ગ ફૂન્ગ ચિઓન્ગ અને ઘાનાના મુંબઇ સ્થિત ઓનરરી કોન્સુલ પ્રેમલ લોખંડવાલાએ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટને સંપૂર્ણ સહયોગ કરવાની ખાતરી આપી હતી. તદુપરાંત તેમના દેશોના બિઝનેસમેનો સાથેની મિટીંગોમાં પણ આ પ્રોજેક્ટને પ્રમોટ કરવા માટેની તૈયારી દર્શાવી હતી. ચેમ્બર પ્રમુખે તેઓને ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ વિવિધ ઉદ્યોગકારો સાથે બિઝનેસ મીટ કરવા માટે સુરત પધારવા માટે આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. આ મિટીંગના ફળ સ્વરૂપે ભવિષ્યમાં બંને દેશોના બિઝનેસ ડેલીગેશન સુરત આવશે અને સુરતથી ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ દક્ષિણ ગુજરાતના બિઝનેસમેનોનું ડેલીગેશન સિંગાપોર અને ઘાના જશે.

ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, સિંગાપોર વાઇબ્રન્ટ ગુજરાત– ૨૦૨૪માં ભાગ લઇ રહયું છે અને ત્યાં તેઓનો સ્ટોલ રહેશે, આથી સિંગાપોરના કોન્સુલ જનરલે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિતના હોદ્દેદારો તથા સભ્યોને તેમના સ્ટોલની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. વધુમાં સિંગાપોરને ફૂડ પ્રોડકટની ખૂબ જ મોટી માત્રામાં જરૂરિયાત રહે છે ત્યારે ભારતથી ફૂડ પ્રોડકટ એક્ષપોર્ટ કરનારા બિઝનેસમેનોના ડેલીગેશનને સિંગાપોર આવવા તેમણે આમંત્રણ આપ્યું હતું. જ્યારે સિંગાપોરથી ઇન્ટરનેશનલ ફાયનાન્સ કંપનીઓના સંચાલકો તેમજ હોદ્દેદારોને સુરતની મુલાકાત માટે ચેમ્બર પ્રમુખે સિંગાપોરના કોન્સુલ જનરલને આમંત્રણ આપ્યું હતું.

ઘાનાના મુંબઇ સ્થિત ઓનરરી કોન્સુલ પ્રેમલ લોખંડવાલાએ જણાવ્યું હતું કે, ઘાના અનેક ક્ષેત્રોમાં ભારતની સર્વિસનો લાભ લેવાની ઇચ્છા ધરાવે છે, આથી તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના બિઝનેસમેનોનું ડેલીગેશન ઘાના ખાતે લઇને આવવા ચેમ્બર પ્રમુખને આગ્રહ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે ઘાના હકારાત્મક વલણ ધરાવે છે, જેનો ભારતના બિઝનેસમેનોને લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.




## Gujarat's pro-industry policy, upcoming PM MITRA Park making textile a vibrant sector: Stakeholders

The Gujarat government's industry-friendly policy, investments attracted through the platform provided by the Vibrant Gujarat Global Summit, and the upcoming PM MITRA Park in Navsari are set to boost the state's efforts to promote the textile sector, officials and industry leaders said.

With over 60 per cent of the country's denim fabric coming from Gujarat, the state is aptly considered as the textile state of India, they said, adding that the support provided by the state government through its textile policy for the last more than a decade has also contributed significantly to the growth of the sector.

Experts say that Gujarat's textile policy has led to technological upgrades, skill enhancement and the development of textile parks, making it one of the most vibrant sectors. They believe that Gujarat's textile industry will position itself as a driving force in the state's economic growth and contribute to India's prominence in the global textile market.

According to the state government, the development of PM MITRA Park in Navsari in south Gujarat is poised to attract over Rs 10,000 crore in investments, generating an annual output of Rs 25,000-Rs 30,000 crore. It is expected to elevate the contribution of Gujarat's apparel sector from 3 per cent to 5 per cent, overall textile output from 18 per cent to 22 per cent, and sector exports from around 12 per cent to over 15 per cent, it said.

As a precursor to the Vibrant Gujarat Global Summit (VGGS) 2024, the Gujarat government has so far signed 10 MoUs with textile and apparel manufacturing companies with a combined value of Rs 2,844.93 crore. The MoUs pertain to the manufacturing of knitted products, viscose and polyester staple yarn, polyester films, and manufacturing of composite textile unit and denim dyeing and processing unit, a government release said.

The state government is progressing well to achieve Prime Minister Narendra Modi's call to make India's textile sector a "world champion" and using every opportunity to give a boost to the sector which has emerged as second only to agriculture in employment generation, it said. "To make a profit in the future, we will have to invest in the local supply chain. This is the way to build a developed India and this is the way to fulfil the dream of a developed India, to fulfil the dream of a 5 trillion econony," Modi has said in one of his speeches.

Over the last two decades, the VGGS has been instrumental in providing a platform for notable investments in Gujarat's textile sector. It brings together both domestic and international industry leaders, creating partnerships for projects in the textile industry in Gujarat, industry representatives said.

The textile policy launched by the government in 2012 has attracted over Rs 35,000 crore in investment. Supported by pro-industry policy and meetings organised as part of the Vibrant Gujarat Global Summits, the sector witnessed a 2.3 times growth in exports by 2019, said Gaurang Bhagat, a textile business owner.

"Because of the meetings organised as part of the Vibrant Gujarat (Summit), the textile sector has seen a lot of improvements. Suggestions were received and beautiful progress made," he said. As a result of such a pro-industry approach, production of cotton spindles in Gujarat increased from 10 lakh spindles in 2012 to 46.3 lakh spindles in 2022-23, he said.

Gujarat's textile policy has led to technological upgrades, skill enhancement and the development of textile parks, with a significant focus on rural employment and women's empowerment, making it one of the most vibrant sectors, industry experts said.

In a seminar organised last month in Surat on the theme of 'Future Ready 5F: Gujarat's Textile Vision for Viksit Bharat@2047' ahead of the 10th Vibrant Gujarat Global Summit, Minister of State for Textiles Darshana Jardosh announced a strategic focus on developing the technical textile sector with a commitment to the highest quality. She said that the construction of PM Mitra Park in Navsari is anticipated to propel the textile sector to new heights in employment generation.

"The state government has proactively formulated policies addressing labour, industry and textiles, leading to significant advancements in the textile sector," she said, while also underscoring the significance of ready-made garments using man-made fibres. The government is actively promoting the development of the textile sector, she added.

During the seminar, Gujarat Minister of State for Industries Harsh Sanghavi said, "The textile sector has surpassed other industries in generating employment, and the state government is dedicated to making it a hub. Our government values diverse opinions and is committed to implementing effective policies."

(Courtesy: The Economic Times)

# 'વિશ્વ એઈડ્સ દિન' નિમિત્તે જનજાગૃતિ અભિયાન અને સન્માન સમારોહ યોજાયો






ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'વિશ્વ એઈડ્સ દિન' નિમિત્તે મંગળવાર, તા. ૦૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે જનજાગૃતિ અભિયાન અને સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સુરત શહેરમાં એઈડ્સની જનજાગૃતિ અને દર્દીઓના સંભાળ અને સારવાર ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે કિરણ મેડીકલ કોલેજના PSM વિભાગના વડા તેમજ પારસ PSM NACP પ્રોજેક્ટના ડાયરેક્ટર ડો. જે.કે. કોસંબિયા અને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના એડિશનલ પ્રોફેસર સંગીતા ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, વિશ્વમાં એઈડ્સ ડેની શરૂઆત વર્ષ ૧૯૮૮માં થઇ હતી અને હાલમાં ૩૯ મિલિયન વ્યક્તિઓ એઈડ્સનો સામનો કરી રહ્યા છે. એઈડ્સ અથવા કોઈ પણ બિમારીમાં સૌથી વધુ અસરકારક દવા હોય છે ફેમિલી સપોર્ટ અથવા આસપાસનું વાતાવરણ. હજુ પણ સમાજમાં દર્દીઓ સાથે અજાણતામાં કલંક અને ભેદભાવની ઘટના બની રહી છે, ત્યારે સમાજનો દરેક વ્યકિત દર્દીઓ સાથે ભેદભાવ ન કરે અને યોગ્ય વર્તન કરે તેવી તેમણે અપીલ કરી હતી.

કિરણ મેડીકલ કોલેજના PSM વિભાગના વડા ડો. જે. કે. કોસંબિયાએ જણાવ્યું હતું કે, ૯૦ના દસકમાં સુરતમાં એઈડ્સના કેસ મોટી સંખ્યામાં આવતા હોવાથી તે સમયે અનેક લોકોએ સુરતને એઈડ્સનું એપી સેન્ટર ગણાવ્યું હતું. સુરતમાં વર્ષ ૧૯૯૭માં શરૂ કરવામાં આવેલા જનજાગૃતિ અભિયાન થકી શહેરના વિવિધ વિસ્તારોમાં એઈડ્સની માહિતી આપવામાં આવી હતી. સુરતમાં વર્ષ ૨૦૦૨માં ૪૦ ટકા પોઝિટીવિટી રેટ હતો. તેમાં ગત વર્ષોમાં નોંધપાત્ર ઘટાડો થયો અને હવે એઈડ્સ પોઝિટીવિટી રેટ ૦.૦૨ ટકા રહ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના એડિશનલ પ્રોફેસર સંગીતા ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ સ્થળોથી આવતા બાળકોના એઈડ્સના ૮૦ ટકા કેસોમાં બાળકોનું નિદાન થયા પછી માતા–પિતા પોઝિટીવ હોવાના કેસ સામે આવે છે. જેના પાછળનું કારણ હોઈ શકે કે, બાળકોમાં કોઈ પણ બિમારીના લક્ષણો વહેલા જોવા મળે છે, જ્યારે પુખ્ત વયના વ્યક્તિઓમાં લક્ષણો થોડા સમયાંતરે જોવા મળે છે. સિવિલના પીપીસીટી મમતા કેર સેન્ટરમાં માતાથી બાળકમાં એઈડ્સ ટ્રાન્સમિશનનું પ્રમાણ ૦ ટકા નોંધાયું છે. કોવિડમાં એઈડ્સના સગર્ભા મહિલા દર્દીઓને ઘરે–ઘરે જઈ દવા આપવામાં આવી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન નિરવ માંડલેવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના સભ્ય વિકાસબેન દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન મહેશ પમનાનીએ સમારોહનું સંચાલન કર્યું હતું. વકતાઓએ સમારોહમાં ઉપસ્થિત વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધીઓના સવાલોના જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સમારોહનું સમાપન થયું હતું.



# મિશન ૮૪ અંતર્ગત મુંબઇ ખાતે બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સના ડાયરેકટર જનરલ શ્રી સંદિપ ખોસલા સાથે મિટીંગ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત સોમવાર, તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઇ ખાતે બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડાયરેકટર જનરલ સંદિપ ખોસલા સાથે મિટીંગ કરી હતી. ચેમ્બર પ્રમુખે તેમની સમક્ષ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કર્યું હતું અને ભારતમાંથી એક્ષપોર્ટને વધારવા તેમજ દેશની ઇકોનોમીને વધુ મજબૂત કરવા હેતુ આ પ્રોજેકટના મહત્વ વિશે તેમની સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે સુરતના સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગકારો અને વેપારીઓ પાસેથી મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો વિવિધ પ્રોડકટની ખરીદી કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા પ્રયાસ કરવાનો અનુરોધ કર્યો હતો.

SGCCIના પ્રમુખ રમેશ વઘાસિયાએ બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડાયરેકટર જનરલને મિશન ૮૪ પ્રોજેકટની માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતમાંથી એક્ષપોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયો છે. એવી રીતે જ ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો કરવામાં આવી રહી છે, જેના ભાગ રૂપે બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને પણ આ પોર્ટલ પર જોડાવા માટે ચેમ્બર પ્રમુખે તેમને વિનંતિ કરી હતી, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો. બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સમાં ૩૫૦૦ કરતા મોટા ઉદ્યોગ ગૃહો સભ્યો છે. આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરાઇ રહયા છે.

BCCIના ડાયરેકટર જનરલ સંદિપ ખોસલા SGCCIના મિશન ૮૪ પ્રોજેકટથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે ચેમ્બર પ્રમુખ પાસેથી તેની વધુ વિગતો મેળવી હતી. તદુપરાંત SGCCI દ્વારા કરાતી વિવિધ પ્રવૃત્તિઓની પણ માહિતી મેળવી હતી. તેમણે જણાવ્યું હતું કે, મિશન ૮૪ને તેઓ સંપૂર્ણપણે સહયોગ આપશે અને ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર તેમના સભ્યોને ઓનબોર્ડ કરશે. મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો તેમના સભ્યો છે, આથી તેઓ આ ઉદ્યોગ ગૃહોના માલિકો સહિતનું બિઝનેસ ડેલીગેશન સુરત લાવશે અને સુરતના ઉદ્યોગકારો – વેપારીઓ સાથે વન ટુ વન બિઝનેસ મિટીંગ કરવામાં આવશે.

મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો દેશમાં અન્ય સ્થળેથી તેમજ વિદેશથી પ્રોડકટ મેળવે છે ત્યારે સુરતના MSME ઉદ્યોગકારો તેમજ વેપારીઓ પાસેથી તેઓ પ્રોડકટ મેળવી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા કરવા ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ તેમને અનુરોધ કર્યો હતો. જેથી કરીને સુરતના લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓને તેમની પ્રોડકટ માટે મુંબઇમાં પણ નવું માર્કેટ મળી શકે અને તેઓ પોતાનો ધંધો – વ્યવસાય વધુ સારી રીતે વિસ્તારી શકે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, મિટીંગના ફળ સ્વરૂપે ટૂંક સમયમાં જ મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો તેમજ બિઝનેસ હાઉસિસના માલિકો સાથે બિઝનેસ મીટ માટે તેમજ પરસ્પર પ્રોડકટની ખરીદી – વેચાણ માટે SGCCI અને BCCI વચ્ચે સમજૂતિ કરાર થશે. આ સમજૂતિ કરાર મુજબ મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો, સુરતના લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ પાસેથી જરૂરિયાત મુજબની પ્રોડકટની ખરીદી કરી શકશે, જેને પગલે સુરતના MSME ઉદ્યોગકારો અને વેપારીઓ માટે પ્રકયોરમેન્ટના દરવાજા ખૂલી જશે.

SGCCI અને BCCI વચ્ચે MoU સાઇન થયા બાદ ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો મુંબઇના મોટા ઉદ્યોગ ગૃહો તેમજ ફેકટરીઓની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી શકશે અને આ ઉદ્યોગ ગૃહો માટે જરૂરી વિવિધ પ્રોડકટની માહિતી મેળવી શકશે. SGCCI અને BCCI દ્વારા આવનારા દિવસોમાં સંયુકતપણે નવા પ્રકારના કોન્કલેવ અને કાર્યક્રમો સુરત તથા મુંબઇ ખાતે આયોજિત કરી શકાશે, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ સુરતના સભ્યો ભાગ લઇ શકશે અને પોતાના ધંધા – વ્યવસાયને વધુ વિસ્તાર માટેની તકોની જાણકારી મેળવી શકશે. આ ઉપરાંત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ખાતે આયોજિત કાર્યક્રમોમાં પણ મુંબઇના વ્યાપાર – ઉદ્યોગના નિષ્ણાંતોનું ઓનલાઇન માર્ગદર્શન પણ મેળવી શકાશે.

# મુંબઇ ખાતે FIEOના વેસ્ટર્ન રિજીયનના રિજીયોનલ ચેરમેન શ્રી પરેશ કે. મહેતા અને દુબઇ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ભારત ખાતેના મુખ્ય પ્રતિનિધિ શ્રી સમીર નવાણી સાથે મિટીંગ







ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત મંગળવાર, તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઇ ખાતે ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્ષ્પોર્ટ ઓર્ગેનાઇઝેશન્સ (FIEO)ના વેસ્ટર્ન રિજીયનના રિજીયોનલ ચેરમેન પરેશ કે. મહેતા સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્ષ્પોર્ટ ઓર્ગેનાઇઝેશન્સ સમગ્ર ભારતમાં ૩૨૦૦૦થી વધુ નિકાસકારોનું પ્રતિનિધિત્વ કરે છે. નિકાસકારોને તેમના નિકાસ વ્યવસાયોને સુધારવા માટે જરૂરી સહાય અને લાભો આપે છે. રાષ્ટ્રીય કક્ષાની આ સંસ્થા ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ કોમર્સ અંતર્ગત સેટઅપ થયેલી છે અને ભારતમાંથી નિકાસને વધારવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે.

વૈશ્વિક સ્તરે 'મેડ ઇન ઇન્ડિયા'ઉત્પાદનોની માંગ વધી રહી છે, ત્યારે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ તથા નિકાસકારો પણ આ વલણને ઓળખે અને આ તકનો લાભ તેમના વ્યવસાયોને વિસ્તારવા માટે કરી શકે તે હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત પ્રયાસો કરાઇ રહયા છે. એના માટે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો માત્ર સુરત અને ગુજરાત પૂરતા જ નહીં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત ચેમ્બર ઓફ કોમર્સ, અન્ય દેશોના કોન્સુલ જનરલ, બિઝનેસ સેટઅપ કરવા ગાઇડન્સ અને સર્વિસ આપતી વિવિધ સંસ્થાઓ અને વ્યાપારિક એસોસીએશનોની મુલાકાત લઇ રહયા છે, જેના ભાગ રૂપે ગતરોજ FIEOના વેસ્ટર્ન રિજીયનના રિજીયોનલ ચેરમેન પરેશ કે. મહેતા સાથે મિટીંગ કરી હતી અને તેમની સમક્ષ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કરી તેમની સંસ્થા સાથે જોડાયેલા ૩૨૦૦૦થી વધુ નિકાસકારોને મિશન ૮૪ના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ થવા માટે અનુરોધ કર્યો હતો.

FIEOના પરેશ કે. મહેતાએ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટને ભારતની ઇકોનોમીને વધુ મજબૂત બનાવવા માટે મહત્વનો ગણાવ્યો હતો અને આ પ્રોજેકટને તેમના વેસ્ટર્ન રિજીયનના ૩૨૦૦૦થી વધુ નિકાસકારો સુધી પહોંચાડવાની અને તેઓને આ પ્રોજેકટની સાથે જોડવા માટે ખાતરી આપી હતી. ચેમ્બર પ્રમુખે તેમને ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું હતું, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો.

આ ઉપરાંત ચેમ્બરના હોદ્દેદારોએ મુંબઇ ખાતે દુબઇ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ભારત ખાતેના ગ્લોબલ માર્કેટ સેકટરના મુખ્ય પ્રતિનિધિ સમીર નવાણી સાથે મિટીંગ કરી હતી અને તેમને પણ મિશન ૮૪ પ્રોજેકટથી સંપૂર્ણપણે વાકેફ કર્યા હતા. સાથે જ તેઓને આ પ્રોજેકટની સાથે દુબઇના બિઝનેસમેનોને જોડવા માટે અનુરોધ કર્યો હતો, જેથી કરીને સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ દુબઇના બિઝનેસમેનોના સીધા સંપર્કમાં આવી તેઓને પોતાની પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકે.

દુબઇ ચેમ્બર ઓફ કોમર્સના ભારતના મુખ્ય પ્રતિનિધિ સમીર નવાણી પણ મિશન ૮૪થી પ્રભાવિત થયા હતા અને દુબઇના બિઝનેસમેનોને મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે કનેકટ કરવાની ખાતરી આપી હતી. તેમણે ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને દુબઇ ખાતે બિઝનેસ કરવા માટે દુબઇ ચેમ્બર ઓફ કોમર્સ પ્લેટફોર્મ પૂરું પાડશે. તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓના બિઝનેસ ડેલીગેશનને દુબઇ ખાતે એપ્રિલથી જૂન મહિનાના સમયગાળા દરમ્યાન બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું હતું.

બીજી તરફ, ચેમ્બર પ્રમુખે પણ દુબઇ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના નેજા હેઠળ દુબઇના બિઝનેસમેનોના પ્રતિનિધિ મંડળને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગ – ધંધાની મુલાકાત માટે તેમજ બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું હતું, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો.

# 'SGCCI ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ કિવઝ કોમ્પિટિશન' યોજાઇ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:00 કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'SGCCI ક્રિકેટ વર્લ્ડ કપ– ૨૦૨૩ કિવઝ કોમ્પિટિશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરના વિવિધ વિસ્તારના ક્રિકેટ ચાહકોએ ભાગ લીધો હતો. કોમ્પિટિશનમાં વિવિધ પ્રશ્નોના યોગ્ય જવાબો આપનારા ત્રણ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન મહેશ પમનાનીએ આ કોમ્પીટિશનમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે સની કિનારીવાલાએ આ કિવઝ કોમ્પિટિશનને મોડરેટ કર્યું હતું. ચેમ્બરના સભ્ય નરેશ કાપડીયાએ કાર્યક્રમનું સંચાલન કરી સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.



# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલિફ ફંડ દ્વારા ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રીલીફ ફંડ દ્વારા ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ ભરૂચ દ્વારા રોટરી ક્લબ ઓફ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સહયોગથી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલિફ ફંડ દ્વારા સમર્થિત આ લાભદાયી પ્રોજેકટનો અમલ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, એક વાકય જે અમને બધાને સ્પર્શી ગયું હતું તે હતું કે 'બીવી બચ્ચો કો ઘર મેં સુલાને કે લિયે છત મિલ જાયે – મેરા ઘર ઠીક કર દેના.' ગત ઓકટોબર મહિનામાં જરૂરિયાતના મૂલ્યાંકન દરમિયાન ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારોની માહિતી મેળવી તેઓને મદદરૂપ થવાનો વિચાર અમલમાં મૂકવામાં આવ્યો હતો.

આથી ભરૂચમાં પૂર પ્રભાવિત વિસ્તારો માટે આપત્તિ વ્યવસ્થાપન હેઠળ ૧૦૦થી વધુ પરિવારોને ૫૦૦ રૂફ પેનલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, માનદ્મંત્રી નિખિલ મદ્રાસી અને ડેપ્યુટી સેક્રેટરી ધનેન્દ્ર પાટીલના માર્ગદર્શન હેઠળ રૂફ પેનલ વિતરણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.





# ન્યુ જર્સી સ્થિત સ્વામિનારાયણ સંસ્થાના ટ્રસ્ટી શ્રી જ્વલંત ત્રિવેદીએ ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લીધી





અમેરિકાના ન્યુ જર્સી સ્થિત સ્વામિનારાયણ સંસ્થાના ટ્રસ્ટી જ્વલંત ત્રિવેદીએ બુધવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્મંત્રી નિખિલ મદ્રાસી અને માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર સાથે તેમણે મિટીંગ કરી હતી. જેમાં ચેમ્બર પ્રમુખે તેમની સમક્ષ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કર્યું હતું. સાથે જ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દક્ષિણ ગુજરાતના વ્યાપાર – ઉદ્યોગના વિકાસ હેતુ છેલ્લા ૮૪ વર્ષથી કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ ન્યુ જર્સી સ્થિત સ્વામિનારાયણ સંસ્થાના ટ્રસ્ટી જ્વલંત ત્રિવેદીને મિશન ૮૪ની માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪, ૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા– જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયો છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરાઇ રહયા છે.

તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને અમેરિકામાં ન્યુ જર્સી ખાતે તેમની સંસ્થા સાથે સંકળાયેલા બિઝનેસમેનો સાથે જોડવા માટે પ્રયાસ કરવાનો અનુરોધ કર્યો હતો. જેથી કરીને સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ તેમની પ્રોડકટ ન્યુ જર્સીના બિઝનેસમેનોને એક્ષ્પોર્ટ કરી શકે અને તેના થકી તેઓ પોતાનો ધંધો – વ્યવસાય વધુ સારી રીતે વિસ્તારી શકે.

સુરતમાં જ જન્મેલા જ્વલંત ત્રિવેદી મિશન ૮૪ પ્રોજેકટથી ઘણા પ્રભાવિત થયા હતા અને આ પ્રોજેકટને સંપૂર્ણપણે સહયોગ આપવાની તેમણે ચેમ્બર પ્રમુખને ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રોજેકટ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ માટે તેમજ દેશની ઇકોનોમીને વધુ મજબૂત બનાવવા માટે ખૂબ જ ઉપયોગી છે, આથી તેને ઝડપથી અને સારી રીતે અમલમાં મૂકવાનો તેમણે આગ્રહ કર્યો હતો.

તેમણે અમેરિકામાં ન્યુ જર્સી સ્થિત સ્વામિનારાયણ સંસ્થાના ૩ હજાર બિઝનેસમેન સભ્યોને મિશન ૮૪ના ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ કરવાની તેમજ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે તેઓને જોડવા માટે પ્રયાસ કરવાની બાંહેધરી પણ આપી હતી.

વધુમાં તેમણે કહ્યું હતું કે, અમેરિકામાં વસતા ભારતીય મૂળના બિઝનેસમેનો ભારત સાથે અને ભારતના બિઝનેસમેનો સાથે વ્યાપાર કરવા ખૂબ જ ઉત્સાહી છે. તેઓને આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે ભારત સાથે જોડે તેવું મિશન ૮૪ જેવું કોઇ પ્લેટફોર્મ ઉપલબ્ધ નથી એટલે આ કામ થઇ શકતું નથી. હવે આ પ્લેટફોર્મ શરૂ થવાને કારણે ભારતને પ્રેમ કરતા, ભારતને ચાહતા અને ભારતના વિકાસ માટે રસ ધરાવતા અનેક બિઝનેસમેનો અમેરિકાથી જોડાશે તેમાં શંકાને કોઇ સ્થાન નથી. સવાલ માત્ર એ છે કે, આવી સરસ સુવિધા આવા પ્લેટફોર્મ પર ઝડપથી ઉભી કરવામાં આવે. આ પ્લેટફોર્મ 'Business with Known and Referred People'ની સુવિધા પૂરી પાડે છે, એટલે ચોકકસપણે ભારતથી અમેરિકા ખાતેનો એક્ષ્પોર્ટ વધારી શકાશે.

આ ઉપરાંત તેમણે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર અને પ્લેટિનમ હોલ સહિત ચેમ્બર ઓફ કોમર્સના ઈન્ફ્રાસ્ટ્રકચરની પણ મુલાકાત લીધી હતી અને ચેમ્બરની પ્રવૃત્તિઓ ઉપરાંત ચેમ્બરના બિઝનેસમેન સભ્યો વિશે પણ વિસ્તૃત માહિતી મેળવી હતી.

# મિશન ૮૪ અંતર્ગત નવી દિલ્હી ખાતે રિપબ્લીક ઓફ નામિબિયાના હાઇ કમિશ્નર ગેબ્રિયલ સિનિમ્બો અને રિપબ્લીક ઓફ અન્ગોલાના એમ્બેસેડર મેન્યુઅલ એડયુઆર્ડો ડોસ સાન્તોસ ઇ સિલ્વા બ્રાવો સાથે મુલાકાત






ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાએ ગુરૂવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ નવી દિલ્હી ખાતે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત ધી હાઇ કમિશન ઓફ ધી રિપબ્લીક ઓફ નામિબિયાના હાઇ કમિશ્નર ગેબ્રિયલ સિનિમ્બો અને રિપબ્લીક ઓફ અન્ગોલાના એમ્બેસેડર મેન્યુઅલ એડયુઆર્ડો ડોસ સાન્તોસ ઇ સિલ્વા બ્રાવો સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બર પ્રમુખે નામિબિયાના હાઇ કમિશ્નર અને અન્ગોલાના એમ્બેસેડર સમક્ષ મિશન ૮૪ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કર્યું હતું અને ભારત સહિત તેઓના દેશોની ઇકોનોમીને વધુ મજબૂત કરવા હેતુ આ પ્રોજેક્ટના મહત્વ વિશે તેઓની સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪, ૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા- જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયા છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા-જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે. સુરત સહિત દક્ષિણ ગુજરાત જ નહીં પણ ગુજરાત અને ભારતભરના ઉદ્યોગકારો અને વેપારીઓને વ્યાપાર માટે વિશ્વના જુદા-જુદા દેશોમાં રહેલી બિઝનેસની તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન મળી શકે તે માટે ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો, હાઇ કમિશ્નરો અને એમ્બેસેડરોની સાથે મિટીંગો કરવામાં આવી રહી છે, જેના ભાગ રૂપે નવી દિલ્હી ખાતે નામિબિયાના હાઇ કમિશ્નર અને અન્ગોલાના એમ્બેસેડર સાથે મિટીંગ કરાઇ હતી અને તેઓને મિશન ૮૪ની સાથે જોડાવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

નામિબિયાના હાઇ કમિશ્નર ગેબ્રિયલ સિનિમ્બો અને રિપબ્લીક ઓફ ન્ગોલાના એમ્બેસેડર મેન્યુઅલ એડયુઆર્ડો ડોસ સાન્તોસ ઇ સિલ્વા બ્રાવો ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને આ પ્રોજેક્ટની સાથે તેઓના દેશોની વિવિધ ચેમ્બર ઓફ કોમર્સને જોડવા માટેની તૈયારી દર્શાવી હતી. મિશન ૮૪ પ્રોજેક્ટને તેઓના દેશોના બિઝનેસમેનો સમક્ષ મૂકવાની તેમજ તેઓને આ પ્રોજેક્ટના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે સહકાર આપવાની ખાતરી આપી હતી.

તદુપરાંત નામિબિયાના હાઇ કમિશ્નર અને અન્ગોલાના એમ્બેસેડરે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓના બિઝનેસ ડેલીગેશનને તેઓના દેશમાં બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું હતું. જ્યારે ચેમ્બર પ્રમુખે તેઓને તેમના દેશના બિઝનેસમેનોના ડેલીગેશન સાથે સુરત ખાતે બિઝનેસ મીટ કરવા તથા ચેમ્બર ઓફ કોમર્સ અને વિવિધ ઉદ્યોગોની મુલાકાત હેતુ આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

નામિબિયાના હાઇ કમિશ્નર ગેબ્રિયલ સિનિમ્બોએ જણાવ્યું હતું કે, નામિબિયામાં એગ્રીકલ્ચર, મેન્યુફેકચરીંગ, રિન્યુએબલ એનર્જી, પરિવહન અને પ્રવાસન ક્ષેત્રે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ તેમના દેશના બિઝનેસમેનો સાથે વ્યાપાર કરી શકે છે. તેઓની સરકાર આ ક્ષેત્રોમાં રોકાણ કરવા માટે સારુ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરૂ પાડે છે, આથી તેમણે ચેમ્બર પ્રમુખને સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને તેમના દેશમાં આવકારવા માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, મિશન ૮૪ અંતર્ગત 'એકસપ્લોર આફ્રિકા' ફર્સ્ટ એડીશનની શરૂઆત થઇ છે ત્યારે નામિબિયાના હાઇ કમિશ્નર અને એન્ગોલા એમ્બેસેડરને આગામી સમયમાં સુરત ખાતે બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું છે, આથી તેઓએ જાન્યુઆરી- ૨૦૨૪ દરમ્યાન સુરત આવવાની તૈયારી બતાવી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મિશન ૮૪ અંતર્ગત 'એકસપ્લોર આફ્રિકા'કાર્યક્રમના ભાગ રૂપે ઇથોપિયાના એમ્બેસેડર અને લિસોથો હાઇ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી સાથે સુરતના ઉદ્યોગકારો – વેપારીઓ સાથે ટ્રેડ મિટીંગ યોજાઇ









ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત 'એકસપ્લોર આફ્રિકા'કાર્યક્રમના ભાગ રૂપે શુક્રવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસીલન્સી દેમેકે અત્નાફુ અને થર્ડ સેક્રેટરી મીસ સર્સે ઝેમેલક સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી.

ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસીલન્સી દેમેકે અત્નાફુએ જણાવ્યું હતું કે, તેમનો દેશ પોપ્યુલેશન, કન્ઝયુમર અને બાયર્સની દૃષ્ટિએ સેકન્ડ લાર્જેસ્ટ આફ્રિકન કન્ટ્રી તરીકે ઓળખાય છે. ઇથોપિયામાં લેબર, વીજળી, પાણી અને જમીન વ્યાજબી ભાવે મળી રહે છે, આથી તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને તેમના ત્યાં ઉદ્યોગો સ્થાપવા અને રોકાણ કરવા માટે અનુરોધ કર્યો હતો. ખાસ કરીને તેમણે પાંચ જેટલા સેકટરોમાં સુરતના ઉદ્યોગકારોને રોકાણ કરવાની વિનંતી કરી હતી, જેમાં ફાર્માસ્યુટિકલ, ટેક્ષ્ટાઇલ, સિરામિક, એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ, ફાયનાન્સ અને આઇટી સેકટરનો સમાવેશ થાય છે.

તેમનો દેશ યુરોપિયન માર્કેટમાં સેકન્ડ લાર્જેસ્ટ ફ્રુટ એક્ષપોર્ટર છે. તેમના દેશમાં એગ્રો પ્રોસેસિંગ અને ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક છે. જો કે, ઇથોપિયા સૌથી વધુ પ્રાધાન્ય ફાર્માસ્યુટિકલ સેકટરને આપી રહયું છે, આથી સુરતના ઉદ્યોગકારોને તેમણે ફાર્મા ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવા માટે આવકાર્યા હતા. તેમણે કહયું હતું કે, ઇથોપિયામાં સેકન્ડ લાર્જેસ્ટ રોકાણકારો ભારતીયો છે, આથી સુરતના ઉદ્યોગકારો સરળતાથી ત્યાં પ્રોડકશન યુનિટો સ્થાપી શકે છે. એના માટે તેમની બેંકો દ્વારા ૫૦ ટકા પ્રોજેકટ ફાયનાન્સ આપવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ ઇથોપિયામાં ઉત્પાદન કરી ત્યાંની ડોમેસ્ટિક અને આફ્રિકન માર્કેટમાં સરળતાથી માલ વેચી શકે છે. ઇથોપિયામાં ડોમેસ્ટિક અને આફ્રિકન માર્કેટ ઘણું મોટું છે. વિશ્વભરમાં જે કોફી પીવાય છે એનું પ્રોડકશન ઇથોપિયામાં થાય છે. ઇથોપિયા ભારતના મુંબઇ, ચેન્નાઇ અને બેંગલોર શહેરો સાથે એર કનેકટીવિટી ધરાવે છે. તેમના ત્યાંથી ઇન્ટરનેશનલ સસ્ટેનેબલ બિઝનેસ કરી શકાય છે. વધુમાં તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના બિઝનેસ ડેલીગેશનને ઇથોપિયા આવવા માટે આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતાએ સવાલ – જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. એક્ષપોર્ટર અને ઇન્ટરનેશનલ ટ્રેડ એડવાઇઝર એન્ડ ટ્રેઇનર અમિત મુલાણીએ ઇથોપિયા દેશમાં વ્યાપાર માટે રહેલી તકો અંગે પ્રેઝન્ટેશન કર્યું હતું. ચેમ્બરના કોર કમિટી મેમ્બર અરવિંદ બાબાવાલાએ સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.

ત્યારબાદ બપોરે 3:00 કલાકે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે લિસોથો એમ્બેસીના હાઇ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઇકી તિહાકુ મોરોજેલે અને લિસોથોના ઓનરરી કોન્સુલ જનરલ ઇન ઇન્ડિયા કિશોર વિરાણી (માલદાર)ની ઉપસ્થિતિમાં 'એકસપ્લોર આફ્રિકા' હેઠળ બીટુબી બિઝનેસ મિટીંગ યોજાઇ હતી.

લિસોથો એમ્બેસીના હાઇ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઇકી તિહાકુ મોરોજેલેએ લિસોથોમાં ટ્રેડ, એક્ષપોર્ટ અને રોકાણની રહેલી વિશાળ તકો વિશે ઉદ્યોગકારોને માહિતી આપી હતી. તેમણે ઉદ્યોગકારોને પોતાની પ્રોડકટનું મેન્યુફેકચરીંગ કરીને લિસોથો સરકારના ન્યુનતમ નિર્યાત ટેકસ સાથે કેવી રીતે નફો મેળવી શકે છે? તે અંગે માહિતી આપી હતી.

તેમણે લિસોથોની ડાયમંડ માઇનીંગ ઇન્ડસ્ટ્રી, વોટર પ્રોજેકટસ, મેન્યુફેકચરીંગ, વન સ્ટોપ રજિસ્ટ્રેશન સેન્ટર, એગ્રીકલ્ચર, ટુરિઝમ ક્ષેત્રની સાથે લેસોથો સરકાર દ્વારા રોકાણકારોને આપવામાં આવતા લાભો અંગે માહિતી આપી હતી. વધુમાં તેમણે ઉદ્યોગકારોને લિસોથોમાં રોકાણ કરવા અંગે મૂંઝવતા પ્રશ્નોના જવાબો આપી તેઓને લિસોથોમાં રોકાણ કરવા આવકાર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની કોર કમિટીના સભ્ય જમન રામોલિયા તથા સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ આ મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના સભ્ય કે.બી. પીપલિયાએ સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નવી દિલ્હી ખાતે બ્રાઝિલ અને જાપાનના એમ્બેસેડર તથા ભારત સરકારના નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના સચિવ સાથે મુલાકાત







ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને ઉપ પ્રમુખ વિજય મેવાવાલા સહિતના પ્રતિનિધિ મંડળે શુક્રવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ નવી દિલ્હી ખાતે ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI )ની વાર્ષિક સાધારણ સભાના પ્રસંગે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત બ્રાઝિલના એમ્બેસેડર કેનેથ એચ. ડા ગોબ્રેચા અને જાપાનના એમ્બેસેડર હિરોશી સુઝુકી સાથે મુલાકાત કરી હતી. તદુપરાંત ભારત સરકારના નાણાં મંત્રાલયમાં આર્થિક બાબતોના વિભાગના સચિવ અજય શેઠ સાથે મુલાકાત કરી હતી. ચેમ્બર પ્રમુખે તેઓને મિશન ૮૪ પ્રોજેકટથી વાકેફ કર્યા હતા અને ભારતની તથા તેમના દેશની ઇકોનોમીને વધુ મજબૂત કરવા માટે આ પ્રોજેકટના મહત્વ વિશે તેઓની સાથે વિસ્તૃત ચર્ચા કરી મિશન ૮૪ પ્રોજેકટની સાથે જોડાવા અને તેને સહયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ તેઓને મિશન ૮૪ની માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયા છે. ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે.

તેમણે બ્રાઝિલના એમ્બેસેડર કેનેથ એચ. ડા ગોબ્રેચા અને જાપાનના એમ્બેસેડર હિરોશી સુઝુકીને સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે તેઓના દેશના બિઝનેસ ડેલીગેશનની બિઝનેસ મીટ કરવા માટે તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ – ધંધાના વિકાસને જોવા તેમજ જાણવા માટે સુરત આવવા આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કરી સુરતની મુલાકાત લેવા માટે રસ દાખવ્યો હતો.

બીજી તરફ, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત સુરત ઇકોનોમિક ફોરમ બનાવવામાં આવ્યું છે. આ ફોરમ અંતર્ગત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતોને સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને માર્ગદર્શન આપવાના હેતુથી આમંત્રિત કરવામાં આવે છે, જેના ભાગ રૂપે ચેમ્બર પ્રમુખે ભારત સરકારના નાણાં મંત્રાલયમાં આર્થિક બાબતોના વિભાગના સચિવ અજય શેઠને સુરત ઇકોનોમિક ફોરમના મુખ્ય અતિથિ તરીકે સુરત આવવા વિનંતી કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને મળ્યા બાદ સુરત – ગુજરાતનું નામ સાંભળતા જ અજય શેઠના ચહેરા પર હાસ્ય આવી ગયું હતું અને અત્યંત ખુશી વ્યકત કરતા તેમણે જણાવ્યું હતું કે, સુરતની પ્રગતિ ખૂબ સારી છે અને સુરત શહેરની મુલાકાત લેવાની મારી ઘણાં સમયથી ઇચ્છા છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મળેલા આમંત્રણને પગલે સુરતના વેપાર–ઉદ્યોગની મુલાકાતાર્થે તેમજ ઉદ્યોગકારો અને વેપારીઓને માર્ગદર્શન આપવા માટે સુરત ચોકકસપણે આવીશ તેમ તેમણે ચેમ્બર પ્રમુખ સહિતના પ્રતિનિધિ મંડળને જણાવ્યું હતું.



# ઘાનાના કાઉન્સીલરે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓને ઘાનામાં ટેક્ષ્ટાઇલ યુનિટો સ્થાપવા આમંત્રણ આપ્યું






ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત 'એકસપ્લોર આફ્રિકા' કાર્યક્રમના ભાગ રૂપે શનિવાર, તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે ઘાના એમ્બેસીના કાઉન્સીલર મુનીરુ કાદિરી સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી.

ઘાનાના કાઉન્સીલર મુનીરુ કાદિરીએ જણાવ્યું હતું, ઘાનામાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે ઘણું પોટેન્શીયલ છે. ઘાના દેશના નાગરિકોને હેન્ડમેડ કાપડની પણ જરૂર છે અને તેને કારણે મોટી માત્રામાં ભારતીય કાપડની આયાત થાય છે, આથી આ તકનો લાભ લઇને તેમણે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓને ઘાનામાં ફેકટરી અને યુનિટ સ્થાપવા માટે આમંત્રણ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઘાનામાં જમીન પણ સસ્તી છે અને ઘાના સરકારે વન ડિસ્ટ્રીકટ વન ફેકટરીનો પ્રોગ્રામ હાથ ધર્યો છે. આ પ્રોગ્રામ અંતર્ગત સરકાર સબસિડી પણ આપે છે.

ઘાનામાં કોસ્મેટિક, ફૂડ પ્રોસેસિંગ, સોયાબિન અને કોકોનું મોટી માત્રામાં પ્રોડકશન થાય છે. એગ્રો કેમિકલની પણ આયાત થાય છે. જેથી સુરતના ઉદ્યોગકારો અને નિકાસકારો એગ્રો કેમિકલ પણ ઘાનામાં એક્ષપોર્ટ કરી શકે છે. આ ઉપરાંત ફીશ સહિતના એકવા કલ્ચર પ્રોડકટની પણ ઘાનામાં ઘણી ડિમાન્ડ રહે છે, આથી સુરતથી ઘાના ખાતે એકવા કલ્ચર પ્રોડકટના એક્ષપોર્ટ માટે મોટી તક છે.

ઘાનાના કાઉન્સીલરે જણાવ્યું હતું કે, વેસ્ટ આફ્રિકામાં આવેલા ઘાના દેશ માટે ભારત મોટા ભાઇ જેવો છે. ભારત અને ઘાનાના દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો ખૂબ જ સારા છે અને તેને વધુ વિકસિત કરવા માટે બંને દેશો દ્વારા પ્રયાસો કરવામાં આવી રહયા છે. વધુમાં તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને ઘાના સરકાર દ્વારા આપવામાં આવતા ટેકસ એકઝમ્પ્શન અને ઇન્સેન્ટીવ વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. એક્ષપોર્ટર અને ઇન્ટરનેશનલ ટ્રેડ એડવાઇઝર એન્ડ ટ્રેઇનર અમિત મુલાણીએ ઘાના દેશમાં એક્ષપોર્ટ માટે રહેલી તકો અંગે પ્રેઝન્ટેશન કર્યું હતું. ઘાનાના કાઉન્સીલરે મિટીંગમાં ઉદ્યોગકારો અને વેપારીઓના ઘાનામાં ઇન્વેસ્ટમેન્ટ અને ટ્રેડ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરની કોર કમિટીના સભ્ય કોમલ શાહે સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.





# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'વેબ એપ્લિકેશન સિક્યુરિટી' વિષય પર વર્કશોપ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'વેબ એપ્લિકેશન સિક્યુરિટી' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેબ એપ્લિકેશન સિક્યુરિટીના એકસપર્ટ એવા ભૌતિક નાસિત અને પ્રતિક પટેલે કંપનીના અથવા પ્રાઈવેટ ડેટાને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય? તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ વર્કશોપમાં નિષ્ણાંતોએ હેકર્સ ડેટાને એપ્લિકેશન પરથી કેવી રીતે પ્રાપ્ત કરે છે? અને ડેટાને હેકર્સથી બચાવવા કયા પગલાં લેવા જોઈએ તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી. સાથે જ એસકયુએલ ઈન્જેકશન અને કમાન્ડ ઈન્જેકશન અંગે ઉપસ્થિતોને તેમના લેપટોપ પર પ્રેકટીકલ કરાવી જાગૃત કરવામાં આવ્યા હતા. ફાઈલ અપલોડ કરતી વખતે હેકર્સ રેમન્ડસવેરને સિસ્ટમમાં કેવી રીતે ઈન્સ્ટોલ કરે છે? તે અંગે પણ નિષ્ણાંતોએ વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રુપ ચેરમેન પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની સાયબર સિક્યુરિટી કમિટીના ચેરમેન નિરવ ગોટીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની વર્કશોપનું સમાપન કર્યું હતું.






# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત અમેરિકાના લેબગ્રોન એક્સપર્ટ અમિષ શાહ સાથે હીરાના ઉદ્યોગકારો અને વેપારીઓની ઈન્ટરેકટીવ મિટીંગ યોજાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત સોમવાર, તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે 3:00 કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે હીરાના ઉદ્યોગકારો અને વેપારીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેબગ્રોન માર્કેટની જાણકારી આપવાના હેતુથી ઈન્ટરેકટીવ મિટીંગ યોજાઇ હતી, જેમાં અમેરિકાના લેબગ્રોન એક્સપર્ટ તેમજ ALTR અને J'EVARના સ્થાપક અમિષ શાહે હીરાના ઉદ્યોગકારો અને વેપારીઓને લેબગ્રોનમાં રહેલી તકો, તેની મુશ્કેલીઓ અને ભવિષ્ય વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ મિટીંગમાં અમેરિકાના અટલાન્ટા સ્થિત ચતુરભાઇ છભાયા પણ હાજર રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનના પત્ની જીલ બાઇડનને સુરતમાં બનેલો ૭.૫ કેરેટનો 'ઈકો ફ્રેન્ડલી' લેબ – ગ્રોન ડાયમંડ ભેટ આપ્યો હતો. હાલમાં ભારત લેબગ્રોનમાં ૧૫ ટકા માર્કેટ શેર ધરાવે છે. જેમ્સ એન્ડ જ્વેલરીની કુલ નિકાસનો રેશિયો ઘટી રહયો છે, જ્યારે લેબગ્રોનની નિકાસ ૩૮ ટકાથી ગ્રો થઇ રહી છે. સુરતથી હીરા એક્ષ્પોર્ટ થાય છે તેમાં ભારતમાં ૩થી ૫ ટકા ગ્રોસ વેલ્યુ એડીશન થાય છે. જ્યારે લેબગ્રોનમાં ૧૮થી ૨૦ ટકા ગ્રોસ વેલ્યુ એડીશન થાય છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪નું વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરી ભારતની ઇકોનોમીને વધુ મજબૂત બનાવવા હેતુ આ પ્રોજેકટના મહત્વ વિશે સમજણ આપી હતી.

લેબગ્રોન એક્સપર્ટ અમિષ શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૫૧માં જમીનની ઉપર લેબમાં પ્રથમ હીરો ઉગાડવામાં આવ્યો હતો. જૂન ૨૦૦૬માં જ્યારે લેબગ્રોન ડાયમંડના દાગીનાનું પ્રદર્શન થયું હતું ત્યારે હીરા ઉગાવી શકાય અને ગ્રાહકો તેને સ્વીકારશે એવું કયારેય બનશે જ નહીં એવું તે સમયે લોકો કહેતા હતા. ત્યારબાદ જૂન ૨૦૧૬માં લેબગ્રોન માર્કેટમાં આવ્યો હતો અને હવે લોકો તેને ધીરે ધીરે સ્વીકારી રહયા છે. વર્ષ ૨૦૧૮માં ફેડરલ ગર્વમેન્ટે સ્વીકાર્યું હતું કે જમીનમાંથી આવે એ અને જમીન ઉપર લેબમાં ઉગાડવામાં આવે એ બંનેને હીરા જ કહેવાય છે.

અમિષ શાહે જણાવ્યું હતું કે, લેબગ્રોનના સ્માર્ટ પ્રોડયુસરને કન્ઝયુમર માટે લેબગ્રોનમાં વેલ્યુ એડ કરવાની રહેશે. ગ્રાહકો બદલાઇ રહયા છે ત્યારે તેઓને એજ્યુકેટેડ કરવા પડશે. સુરતના ઉદ્યોગકારો હીરા પોલિશ્ડ કરીને વેચે છે, પરંતુ અમેરિકામાં રિટેઇલમાં તેનું માર્જિન ૬૫ ટકા થઇ જાય છે. અત્યારે ભારતમાંથી વેલ્યુ બહાર ટ્રાન્સફર થઇ રહી છે ત્યારે સુરતમાં જ ડાયમંડ જ્વેલરી બનાવીને વેચવામાં આવશે ત્યારે તેમાં વેલ્યુ એડ થશે.

તેમણે લેબગ્રોનના ભવિષ્ય વિશે વાત કરતા કહયું હતું કે, લેબગ્રોનમાં અમર્યાદિત સપ્લાય થવાનો છે, આથી તેમણે લેબગ્રોનના ઉત્પાદકોને હીરાને વિવિધ શેપ્સ આપી તેની જ્વેલરી ડિઝાઇન કરી વેચવાની સલાહ આપી હતી. હીરાના ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા અત્યારે ટેકનોલોજીમાંથી બનેલા હીરા (લેબગ્રોન)ને પ્રોડકટ તરીકે વેચવામાં આવી રહયો છે, પરંતુ ભવિષ્યમાં લેબગ્રોનમાં માર્જિન મર્યાદિત થઇ જશે, આથી તેમાં વેલ્યુ એડ કરીને જે વેચશે તે જ ઈન્ડસ્ટ્રીમાં ટકી શકશે. ડાયમંડ ઈન્વેસ્ટમેન્ટ નથી પણ એક્સપિરીયન્શલ છે અને ભવિષ્યમાં માઇન કરતા લેબગ્રોન ડાયમંડ જ્વેલરીનું માર્કેટ વધવાનું છે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને હીરાના ઉદ્યોગકારો – વેપારીઓ મિટીંગમાં હાજર રહયા હતા. માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ લેબગ્રોન એક્સપર્ટ અમિષ શાહનો પરિચય આપ્યો હતો. માનદ્ખજાનચી કિરણ ઠુમ્મરે સર્વેનો આભાર માન્યો હતો. જ્યારે મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. મિટીંગમાં ઉપસ્થિત હીરા ઉદ્યોગકારો અને વેપારીઓના લેબગ્રોન ડાયમંડ સંબંધિત વિવિધ પ્રશ્નોના વકતાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.






# જેમ્સ એન્ડ જ્વેલરી વિશે પ્રિ-વાઇબ્રન્ટ સમિટના પુર્વાધ રૂપે યોજાયેલા સેમિનારમાં 'Redefining G&J : A Vision for Gujarat's Tech Powered Transformation' વિષય પર સેશન યોજાયું




૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે મંગળવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતેના પ્લેટિનમ હોલમાં 'Jewellery, Gemstones and Gujarat : Renaissance for Radiant Bharat'ની થીમ પર જેમ્સ અને જ્વેલરી સેકટર પર પ્રિ-વાઈબ્રન્ટ સેમિનાર યોજાયો હતો. જેમાં બપોરે ૧૨:૩૦ કલાકે 'Redefining G&J : A Vision for Gujarat's Tech Powered Transformation' વિષય પર સેશન યોજાયું હતું.

આ સેશનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા, સુરત જ્વેલરી મેન્યુફેકચરર્સ એસોસીએશનના પ્રમુખ જયંતિ સાવલિયા, શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.ના ડાયરેકટર શ્રેયાંશ ધોળકિયા, ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરીના ફાઉન્ડર એન્ડ સીઇઓ કલ્પેશ દેસાઇ, જેમ્સ એન્ડ જ્વેલરી સ્કીલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના ચેરમેન અદિલ કોટવાલ અને ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટીટ્યુટના ડાયરેકટર સમીર જોશી વિગેરે ઉદ્યોગ અગ્રણીઓએ ભાગ લઇ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

આ સેશનને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇનના ડાયરેકટર પ્રવીણ નાહરે મોડરેટ કર્યું હતું.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ઇન્ડસ્ટ્રીમાં જેટલી પણ ટેકનોલોજી આવે છે તેને અપનાવી ઉદ્યોગકારો પ્રોડકશન કરે છે પણ આ બધી ટેકનોલોજી વિદેશોથી આયાત થાય છે ત્યારે ઇન્ડસ્ટ્રીમાં જરૂરિયાત મુજબની ટેકનોલોજી ડેવલપ કરવા માટે ઇકો સિસ્ટમ ઉભી થવી જોઇએ.

વિદેશોથી પણ જે ટેકનોલોજી આયાત થાય છે તેને ડેવલપ કરનારા ૩૦ ટકા ભારતીય મૂળના છે, આથી સુરત સહિત ગુજરાતમાં જ એવું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર કે ઇકો સિસ્ટમ ઉભી કરવામાં આવે કે જેમાં કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ કરીને એને પ્રમોટ કરી શકાય અને એને સંસાધનો પૂરા પાડવામાં આવે. આ બાબતને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પણ સ્વીકારશે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, રૂપિયા ૫૦૦થી ૨૦૦૦ કરોડનું ફંડ ઉભું કરી ટેકનોલોજી ડેવલપ કરવામાં આવે. માર્કેટ રિસર્ચ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને સુરતમાં અથવા ગુજરાતમાં ટેકનોલોજી ડેવલપમેન્ટ કરવા માટેનું સેન્ટર સેટઅપ કરવામાં આવે. જેમ્સ એન્ડ જ્વેલરીને ગુજરાતનું ફલેગશીપ કે ડ્રીમ પ્રોડકટ બનાવીને







વિશ્વભરમાં એક બ્રાન્ડ તરીકે તેને આપી શકીએ તેમ છીએ. એના માટે ચેમ્બર ઓફ કોમર્સના મહત્વાકાંક્ષી વિઝન 'SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪' પ્રોજેક્ટ અંતર્ગત ૮૪ દેશોમાં આ જ્વેલરી બ્રાન્ડને એક્ષ્પોર્ટ કરી શકીએ. આવી રીતે ઘણા બધા આયામોને સિદ્ધ કરી શકાય તેમ છે.

જયંતિ સાવલિયાએ જણાવ્યું હતું કે, પહેલા હાથથી બનતી જ્વેલરીમાં હવે થ્રીડી ટેકનોલોજી મહત્વની ભૂમિકા ભજવે છે. હવે તો સ્કેચ બુક પ્રો ક્રિએટ ટેકનોલોજીના ઉપયોગથી જ્વેલરીમાં જુદી–જુદી ડિઝાઇન બને છે. જ્વેલરી બનાવનારા પર્યાવરણના જતનને ધ્યાનમાં રાખીને આગળ વધી રહયાં છે.

શ્રેયાંશ ધોળકિયાએ જણાવ્યું હતું કે, એથિકલ સોર્સિંગ એ ડેટા પર ડિપેન્ડ કરે છે ત્યારે ડેટાનો ઉપયોગ બ્લોક ચેઇનના માધ્યમથી કરી શકાય છે.

કયા ભાગની જમીન (માઇન)માંથી ડાયમંડ આવ્યા છે તે જાણવા માટે ટેકનોલોજી ડેવલપ થઇ રહી છે ત્યારે મશીન બનાવીને સ્કીલ યુનિવર્સિટીમાં તેનું સેટઅપ કરી શકાય છે.

કલ્પેશ દેસાઇએ જણાવ્યું હતું કે, જ્વેલરી ઇન્ડસ્ટ્રીમાં દર ત્રણ – પાંચ વર્ષે ટેકનોલોજી બદલાઇ જતી હોય છે. આ ઇન્ડસ્ટ્રીમાં પણ ડિજીટલાઇઝેશન થઇ રહયું છે. હાલમાં સ્કેચ બુક પ્રો ક્રિએટ ટેકનોલોજી આવી ગઇ છે, જેમાં દસથી પંદર મિનિટ લાગે છે અને જ્વેલરી એ પ્રમાણે ડિઝાઇન થઇ જાય છે. અત્યારે ઇન્ડસ્ટ્રી થ્રીડી ડિઝાઇન પર ફોકસ કરી રહી છે.

અદિલ કોટવાલે જણાવ્યું હતું કે, મોટા ભાગે જ્વેલરી થાઇલેન્ડ, ઇટલી, ફ્રાન્સ અને સ્વીત્ઝરલેન્ડમાં ડિઝાઇન થાય છે અને બને છે. જેને કારણે ભારતમાં જ્વેલરીનું વેલ્યુ એડીશન ૨થી ૩ ટકા એટલે ખૂબ જ નાના પાયે થાય છે, આથી જ્વેલરી ઇન્ડસ્ટ્રીમાં સ્કીલ ડેવલપમેન્ટ જરૂરી છે.

સુરતમાં જ્વેલરી ડિઝાઇન કરવાની જરૂર છે અને ભારતથી જ જ્વેલરી એક્ષ્પોર્ટ થવી જોઇએ. એના માટે સ્કીલ સેન્ટર ઉભા કરી જ્વેલરી બનાવવા માટે કારીગરોને ટ્રેઇન કરવાની જરૂર છે. ભારતને વિશ્વનું જ્વેલરી સેન્ટર બનાવવું જોઇએ.

સમીર જોશીએ જણાવ્યું હતું કે, સુરતે વેલ્યુ એડીશન માટે જ્વેલરી મેન્યુફેકચરીંગમાં આવવું પડશે. સમગ્ર વિશ્વ હવે રિસાયકલીંગ પર ફોકસ કરી રહયું છે ત્યારે સુરતે પણ પીળા સોનાથી આગળ વધીને પર્પલ અને બ્લેક ગોલ્ડ જ્વેલરીમાં પણ વિવિધ વેરાયટી બનાવવી જોઇએ, એના માટે ઇન્ડસ્ટ્રીએ ટેકનોલોજી પર ફોકસ કરવું પડશે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉધનાની લીઓ સ્કૂલમાં 'ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ' યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉધનાની લીઓ સ્કૂલ ખાતે 'ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ ૧૨ના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો તથા કાયદાઓ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સુરત શહેરના ટ્રાફિક પીઆઇ હિતેન્દ્ર ચૌધરી અને સ્કૂલના સંચાલક જયસુખ કથિરીયા ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન કામિનીબેન ડુમસવાલા અને કમિટી સભ્ય બ્રિજેશ વર્માએ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અંગે સમજણ આપી હતી. ટ્રાફિક પોલિસે વિદ્યાર્થીઓને વાહનોની સ્પીડ ચેક કરતી લેસર સ્પીડ ગનનો ડેમો પણ આપ્યો હતો.







# સ્વીડનમાં અમેરિકાના પૂર્વ રાજદૂત ગ્રેગરી જે. નેવેલે મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લીધી





સ્વીડનમાં અમેરિકાના પૂર્વ રાજદૂત ગ્રેગરી જે. નેવેલ તથા અમેરિકાના ઈન્ટરનેશનલ કોમર્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ડાયરેકટર ડો. સેમ નેજાંદે મંગળવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લઇ ચેમ્બરના હોદ્દેદારો સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ સાથેની ચર્ચામાં ગ્રેગરી જે. નેવેલે વર્ષ ૧૯૮૩માં ભારતની તેમની મુલાકાત યાદ કરી હતી. તેમણે યુએસ આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકે આંતરરાષ્ટ્રીય વ્યૂહાત્મક, રાજકીય, વ્યાપારી અને માનવતાવાદી હિતોને આગળ વધારવા માટે ૬૦થી વધુ દેશોમાં સત્તાવાર યુએસ પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કર્યું હતું. તેમણે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં યુએસ બહુપક્ષીય વિદેશ નીતિની રચના અને તેના અમલ માટે અમેરિકી સરકારના વરિષ્ઠ અધિકારી તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.

અમેરિકામાં વૈશ્વિક કન્સલ્ટિંગ એન્ટરપ્રાઇઝ તરીકે વિકસેલા ઈન્ટરનેશનલ કોમર્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન તરીકે તેઓ સેવા આપી રહયા છે. આ કોર્પોરેશન યુએસ અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ બંને માટે આંતરરાષ્ટ્રીય વિસ્તરણને વેગ આપે છે. હોંગકોંગ, ન્યુ યોર્કથી પેરિસ સુધીના વિશ્વમાં ફેલાયેલા અનુભવી આંતરરાષ્ટ્રીય વ્યાપારી વ્યાવસાયિકોની ટીમ સાથે મળીને કામ કરી ઉદ્યોગો અને આંતરરાષ્ટ્રીય ભૌગોલિક ક્ષેત્રોમાં વ્યાપાર વિસ્તરણ વ્યૂહરચના વિકસાવવાનું તેમજ તેના અમલીકરણની મહત્વની જવાબદારી તેઓ નિભાવી રહયા છે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ તેમની સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ બનાવ્યું છે, જેની સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતમાંથી ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વેપારીઓ તેમજ વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયો છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા રાજદૂતોને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે પ્રયાસો કરાઇ રહયા છે.

દક્ષિણ ગુજરાતના વ્યાપાર – ઉદ્યોગના વિકાસ હેતુ છેલ્લાં ૮૪ વર્ષથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને તેના ઈન્ફ્રાસ્ટ્રકચર વિશે ચેમ્બર પ્રમુખે તેમને વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ અમેરિકાના બિઝનેસમેનો સાથે સીધો વ્યાપાર કરી શકે તે માટે તેઓને પરસ્પર એકબીજા સાથે જોડવા હેતુ મિશન ૮૪ પ્રોજેકટને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

સ્વીડનમાં અમેરિકાના પૂર્વ રાજદૂત ગ્રેગરી જે. નેવેલે જણાવ્યું હતું કે, ભારતમાં રિટેઇલ ક્ષેત્રે વિશાળ માર્કેટ છે. ભારત અને અમેરિકા એકબીજાને કઇ ચીજવસ્તુઓ આપી શકે તે અંગે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને તથા અમેરિકાના બિઝનેસમેનોને વિસ્તૃતપણે માહિતગાર કરાય તો બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો વધુ મજબૂત બની શકે તે માટે મિશન ૮૪ના માધ્યમથી સંયુકતપણે પ્રયાસ કરી શકાય તેમ છે, આથી તેમણે ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટને સહકાર આપવાની ખાતરી આપી હતી.

આ ઉપરાંત તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓના બિઝનેસ ડેલીગેશનને અમેરિકામાં બિઝનેસ મીટ માટે આમંત્રણ આપ્યું હતું. જ્યારે ચેમ્બર પ્રમુખે તેઓને અમેરિકાથી તેમના નેતૃત્વ હેઠળ બિઝનેસ ડેલીગેશનને સુરતમાં ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગ – ધંધાઓની મુલાકાતાર્થે આમંત્રણ આપ્યું હતું, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો.



# ચેમ્બર દ્વારા 'ગ્લોબલ ગોલ્ડ વેલ્યુ ચેઇન' વિશે ગોલ્ડ જ્વેલરીના વિખ્યાત લીડર રાજેશ મહેતા સાથે ઈન્ટરેક્ટીવ મિટીંગ યોજાઈ





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ બિલ્ડિંગ, સરસાણા, સુરત ખાતે 'ગ્લોબલ ગોલ્ડ વેલ્યુ ચેઇન'વિષય પર ઈન્ટરેક્ટીવ મિટીંગ યોજાઈ હતી. જેમાં રાજેશ એક્ષ્પોર્ટસના એકિઝક્યુટીવ ચેરમેન રાજેશ મહેતાએ સુરતના જ્વેલર્સને ગ્લોબલ ગોલ્ડ વેલ્યુ ચેઇન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ઈન્ટરેકટીવ મિટીંગમાં ચેમ્બરના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, 'વિશ્વમાં ભારત ગોલ્ડ જ્વેલરીની ખપતમાં બીજો ક્રમાંક ધરાવે છે. હાલમાં વિશ્વમાં માત્ર પાંચ દેશોમાં જ ભારત ૯૦ ટકા ગોલ્ડ જ્વેલરી એક્ષ્પોર્ટ કરે છે. ભારત ગોલ્ડ જ્વેલરી ક્ષેત્રે વિશ્વના સૌથી મોટા નિકાસકારોમાંનું એક છે. તાજેતરમાં યુએસએ ભારતીય આભૂષણો માટે સૌથી મોટા નિકાસ સ્થળ તરીકે યુએઈને પાછળ છોડી દીધું છે. નીચેની બે બાબતો ભારતના વિકાસને પ્રતિબિંબિત કરે છે. પ્રથમ યુ.એસ.માં ચીની જ્વેલરીની નિકાસ પર વધારાની ટેરિફ લાદવામાં આવી જેણે ભારતીય નિકાસકારોને વધુ સ્પર્ધાત્મક બનાવ્યા છે અને બીજું, જાન્યુઆરી ૨૦૧૭માં યુએઈમાં ૫ ટકા આયાત જકાત અને ૫ ટકા વેલ્યુ એડેડ ટેક્સ (VAT)નો અમલ કરવામાં આવ્યો.'

તેમણે વધુમાં મિશન ૮૪ પ્રોજેકટની માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪, ૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા– જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહ્યો છે. એવી રીતે જ ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો કરવામાં આવી રહી છે.

રાજેશ એક્ષ્પોર્ટસના એકિઝક્યુટીવ ચેરમેન રાજેશ મહેતા ચેમ્બરના મિશન ૮૪ પ્રોજેક્ટથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે ચેમ્બર પ્રમુખને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે, મિશન ૮૪ જેવા પ્રોજેક્ટ સમગ્ર ભારતમાં તમામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્વીકારવા જોઈએ જેથી આપણે ઊંચા લક્ષ્યાંકને હાંસલ કરી શકીએ અને ભારતને વિશ્વમાં આર્થિક તાકાત તરીકે પ્રસ્તાવિત કરી શકીએ. આપણું લક્ષ્ય હંમેશા ઊંચું હોવું જોઈએ.

તેમણે જ્વેલર્સ અને ઉદ્યોગ સાહસિકોને દેશના ઔદ્યોગિક સૈનિક બનવા માટે આહવાન કર્યું હતું. હાલમાં ભારતનો એક્ષ્પોર્ટમાં હિસ્સો ૨.૯ ટકા છે. વિશ્વમાં ભારતની વસ્તીનો હિસ્સો ૨૨ ટકા હોવાથી એક્ષ્પોર્ટની વૃદ્ધિ કરવા માટે સૌ ભારતીયોને કહયું હતું. તેમણે ઉપસ્થિત જ્વેલર્સને ગ્લોબલ ગોલ્ડ વેલ્યુ ચેઇન અંગે વધુ ચર્ચા કરતા જણાવ્યું હતું કે, મહેનત, ધ્યેય અને ઈમાનદારીથી જ સફળતા મેળવી શકાય છે. ચાઈના અને જાપાનની જેમ ભારતે પણ દરેક ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ અને દરેક ક્ષેત્રમાં નવું શું કરી શકીએ? તે અંગે વિચારવું જોઈએ.

ચેમ્બરના એસજીસીસીઆઈ ગ્લોબલ કનેક્ટ મિશન–૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના ગ્રૃપ ચેરમેન કમલેશ ગજેરાએ મિટીંગની રૂપરેખા આપી હતી. આ ઈન્ટરેક્ટીવ મિટીંગમાં ચેમ્બરના ગ્રૃપ ચેરમેન દિપક શેઠવાલા, અનિલ સરાવગી અને બુલિયન કમિટીના ચેરમેન નૈનેશ પચ્ચીગર તેમજ જ્વેલર્સ ક્ષેત્રે કાર્ય કરતા ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે ચેમ્બરના ખજાનચી કિરણ ઠુમ્મરે આભાર વિધિ કરી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ તથા અર્બન હેલ્થ એન્ડ કલાઇમેટ રેઝિલિયન્સ સેન્ટર ઓફ એક્સલન્સના સંયુકત ઉપક્રમે 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સુરત શહેર'વિષય પર ચર્ચાસત્ર યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અર્બન હેલ્થ એન્ડ કલાઈમેન્ટ રેઝિલિયન્સ સેન્ટર ઓફ એકસલન્સ (UHCRCE)ના સંયુક્ત ઉપક્રમે મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સુરત શહેર' વિષય પર શહેરીજનો સાથે ચર્ચાસત્ર યોજાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના સભ્ય તેમજ UHCRCEના ટેકનિકલ ડાયરેકટર ડૉ. વિકાસબેન દેસાઈએ 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

ડૉ. વિકાસબેન દેસાઈએ જણાવ્યું હતું કે, દેશમાં સર્વ પ્રથમ 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી' માટે સુરત મહાનગરપાલિકા અને યુનિસેફના નેજા હેઠળ સંયુક્ત પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત શહેરના બાળકો અને તેમના માટે કાર્યરત સમૂહો સાથે ચર્ચા સત્ર રાખવામાં આવ્યું હતું. જેમાં બાળકોના સર્વાંગી વિકાસ સહિતના વિવિધ પાસાંઓ અંગે ચર્ચા કરાઈ હતી.

અર્બન હેલ્થ એન્ડ કલાઈમેન્ટ રેસિલિયન્સ સેન્ટર ઓફ એકસલન્સ દ્વારા સમાજની 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી' બનાવવામાં રહેલી મહત્વની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કન્સલ્ટન્ટ ડૉ. શ્રુતિ અને ઓશીએ ઉપસ્થિતોના મંતવ્યો મેળવ્યા હતા.



# ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત આફ્રિકાના પાંચ દેશો સેશેલ્સ, ટોગો, અલ્જીરીયા, ઝિમ્બાબ્વે અને કેન્યાના ડેલીગેશન સાથે ટ્રેડ મિટીંગ યોજાઇ







ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત 'એક્સપ્લોર આફ્રિકા ૨.૦'કાર્યક્રમના ભાગ રૂપે શુક્રવાર, તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉધના ઉદ્યોગ નગર સંઘ ખાતે આવેલા એન.જે. સેન્ટરમાં આફ્રિકન કન્ટ્રી સેશેલ્સના હાઇ કમિશ્નર હર એક્સલન્સ હેરીસોઆ લલાટીયાના એકાઉચે અને સેશેલ્સ હાઇ કમિશનના આસિસ્ટન્ટ રાકોટોમાવો સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી.

હાઇ કમિશ્નર હર એક્સીલન્સ હેરીસોઆ લલાટીયાના એકાઉચેએ નેશનલ ડેવલપમેન્ટ ફેસિલિટી અને યુનાઇટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને સેશેલ્સમાં રિન્યુએબલ એનર્જી, એગ્રી કલ્ચર, ટેકનોલોજી એન્ડ કોમ્યુનિકેશન, ફીશ પ્રોસેસિંગ – કોલ્ડ સ્ટોરેજ અને એડવેન્ચર ટુરિઝમ સેકટરમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

બપોરે ૧:૩૦ કલાકે ટોગો દેશના ચાર્જ ડી'અફેર્સ મિ. યાવો એડેમ એકપેમેડો અને ટોગો હાઇ કમિશનના એટેચી ઓફ ધ મિશન મિ. માઝા વિયાવો મેન્ડેલી સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી. જેમાં ટોગો દેશના બંને પ્રતિનિધિઓએ વિવિધ સેકટરમાં રોકાણ કરવા હેતુ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આમંત્રણ આપ્યું હતું.

ત્યારબાદ બપોરે ૩:૩૦ કલાકે અલ્જીરિયા એમ્બેસીના ફર્સ્ટ સેક્રેટરી એન્ડ ઇકોનોમિક અફેર્સના હેડ મિ. અબદેલી બોઇલઉટા સાથે સુરતના ઉદ્યોગ સાહસિકોની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી. જેમાં તેમણે અલ્જેરિયા દેશમાં બિઝનેસ માટે અનેક તકો ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અલ્જેરિયામાં ૭૦ ટકા નાગરિકો ૩૦ વર્ષની ઉંમર સુધીના છે, આથી તેમના દેશમાં સરળતાથી વર્કફોર્સ ઉપલબ્ધ થાય છે. ટેકનોલોજી અને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે યુવા શિક્ષિત હોવાનો લાભ બિઝનેસમેનને મળે છે.

મિ. અબદેલી બોઇલઉટાએ વધુમાં જણાવ્યું હતું કે, 'અલ્જીરિયા ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે વધુ વિકાસ કરવા ઇચ્છે છે. કોવિડ કાળ પછી હવે હેલ્થ સેકટરમાં રોકાણ કરવા અનેક તકો રહેલી છે. અલ્જીરિયા સરકાર સાથે સંલગ્ન અલ્જીરિયા એજન્સી, ભારત તથા અન્ય વિદેશી રોકાણકારો માટે વિવિધ સુવિધા પૂરી પાડે છે. અલ્જેરિયામાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ વિશાળ તકો રહેલી છે.

શનિવાર, તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે આફ્રિકન કન્ટ્રી ઝિમ્બાબ્વે એમ્બેસીના ડેપ્યુટી એમ્બેસેડર પીટર હોબવાની સાથે સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને એક્ષપોર્ટર્સની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી. જેમાં ઝિમ્બાબ્વેના









ડેપ્યુટી એમ્બેસેડર પીટર હોબવાનીએ એગ્રી કલ્ચર, એકવા કલ્ચર, રિન્યુએબલ એનર્જી, સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ટુરિઝમ સેક્ટરમાં રોકાણ કરવા માટે સુરતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં રોકાણ કરનારાઓને તેમની સરકાર દ્વારા ઇન્સેન્ટીવ આપવામાં આવે છે. આ ઉપરાંત તેમના દેશમાં ઉત્પાદન કરીને આફ્રિકાના ૫૪ જેટલા દેશોમાં ડયુટી ફ્રી એક્ષપોર્ટ કરી શકાય છે.

બપોરે 3:30 કલાકે કેન્યા હાઈ કમિશનના ટ્રેડ કાઉન્સિલર મિ. જરેદ બી. માયેકા સાથે શહેરના ઉદ્યોગ સાહસિકોની મિટીંગ યોજાઈ હતી. જેમાં મિ. જરેદ બી. માયેકાએ જણાવ્યું હતું કે, કેન્યામાં યુએઇ પછી સૌથી વધુ ભારતીય પ્રોડકટની આયાત થાય છે. કેન્યાને 'ગેટ વે ઓફ ઈસ્ટ આફ્રિકા' ગણાવતાં તેમણે કહ્યું હતું કે, કેન્યા લોજીસ્ટિક, ટ્રાન્સપોર્ટેશન, ઇન્ટરનેશનલ એરપોર્ટસ, પોર્ટ, રેલવે તમામ પ્રકારના વાહન–વ્યવહારથી સજ્જ હોવાના કારણે અહીંથી ઈમ્પોર્ટ–એક્ષપોર્ટ કરવું સરળ બને છે. કેન્યામાં એગ્રીકલ્ચર સેકટર, ફિશિંગ, ફાર્માસ્યુટિકલ અને ઇનોવેશન ટેકનોલોજી જેવા વિવિધ ક્ષેત્રે રોકાણ કરી શકાય છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોન થકી કેન્યામાં રોકાણ કરનારાઓને સરકારની વિવિધ પોલિસીઓનો લાભ મળે છે.


ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ મિટીંગમાં સ્વાગત પ્રવચન કરી SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ની વિસ્તૃત માહિતી આપી હતી અને મિશન ૮૪માં જોડાવા માટે આફ્રિકાના પાંચેય દેશોના ઓફિશિયલ્સને અનુરોધ કર્યો હતો. ચેમ્બર પ્રમુખે મિશન ૮૪ની પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષપોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષપોર્ટર્સને તથા વિશ્વના જુદા– જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪, ૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ કરાઇ રહયો છે.


આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર, એક્ષપોર્ટર એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ એડવાઈઝર અને ટ્રેઈનર અમિત મુલાણી તથા કોર કમિટીના સભ્ય કોમલ શાહ, જમન રામોલિયા અને અતુલ પાઠક, ચેમ્બરના સભ્ય કે.બી. પિપલીયા ઉપરાંત સુરતના ઉદ્યોગ સાહસિકો અને એક્ષપોર્ટર્સ મિટીંગોમાં ઉપસ્થિત રહયા હતા. મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે તમામ મિટીંગોનું સંચાલન કર્યું હતું.







# વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકોને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ફેશન ફોરકાસ્ટીંગ અને રંગ મેચિંગના મહત્વ' વિશે માર્ગદર્શન અપાયું





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ર૭ અને ર૮ ડિસેમ્બર, ર૦ર૩ દરમ્યાન સવારે ૧૦::૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે'SGCCI ગારમેન્ટ એક્ષ્પો ર૦ર૩ – વેન્ડર નેટવર્કીંગ ઓપોર્ચ્યુનિટીઝ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્ષ્પો દરમ્યાન પ્લેટિનમ હોલમાં સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન 'ગારમેન્ટ કોન્કલેવ ર૦ર૩'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

બુધવાર, તા. ર૭ ડિસેમ્બર, ર૦ર૩ના રોજ બપોરે ૧ર:૩૦થી ર:૦૦ કલાક દરમ્યાન 'ફેશન' વિષય ઉપર પ્રથમ સેશન યોજાયું હતું. જેમાં પ્રમુખ વકતાઓ તરીકે ફેશન નિષ્ણાંત ICH NEXT વુમન્સવેર, રિસર્ચ એન્ડ ડિઝાઇનના ક્રિએટીવ લીડ યાશિ સકસેનાએ 'ફેશન ફોરકાસ્ટીંગ'પર વકતવ્ય રજૂ કર્યું હતું. જ્યારે પેન્ટોન ઇન્ડિયાના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર અંકિતા કોઠારીએ 'ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં સૂચક રંગો અને રંગ મેચિંગનું મહત્વ'વિષય પર ફેશન ડિઝાઇનીંગના વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

યશી સકસેનાએ ફેશન ફોરકાસ્ટીંગ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, સૌથી પહેલા ગ્રાહકને કેવા પ્રકારના કલર અને ડિઝાઇન ગમે છે તે જાણવું જોઇએ. ગારમેન્ટ બનાવવા માટે કલર અને ફેબ્રિક સિલેકશન કેવી રીતે કરવું? અન્ડરવોટર થીમ બેઇઝ ગારમેન્ટ બનાવતી વખતે ડિઝાઇન અને કલર બાબતે કઇ–કઇ બાબતો વિશે ધ્યાન રાખવું જોઇએ? તેના વિશે જણાવ્યું હતું. સાથે જ વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો કેવી રીતે ડિઝાઇન, ફેબ્રિક અને કલરની પસંદગી કરીને ગારમેન્ટ બનાવી શકે છે તે દિશામાં તેમણે વર્ષ ર૦ર૪–રપમાં ભારતમાં લેડિઝ ગારમેન્ટમાં આવનારા ટ્રેન્ડસ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

અંકિતા કોઠારીએ જણાવ્યું હતું કે, ૬પ ટકા લોકો કલર જોઇને ગારમેન્ટની ખરીદી કરતા હોય છે. જ્યારે ૮૭ ટકા લોકો એવા છે કે જેઓ કોઇપણ બ્રાન્ડનો લોગો જોઇને પ્રોડકટની ખરીદી કરતા હોય છે. ટેક્ષ્ટાઇલ મેન્યુફેકચરીંગ ક્ષેત્રે ફેબ્રિક પ્રમાણે કલર બદલાતા જોવા મળે છે. તેમણે ગારમેન્ટમાં કલર સિલેકશન કેમ વધુ મહત્વ ધરાવે છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વધુમાં કલર સિસ્ટમ ફોર ગ્રાફિકસ, ફેશન, હોમ એન્ડ ઇન્ટેરિયર કલર સિસ્ટમ અને કલરને ઓળખવા માટેના સાધનો અંગે માહિતી આપી હતી.

સેશનના અંતે ઉપરોકત બંને વક્તાઓએ ફેશન ડિઝાઇનીંગના વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિક યુવાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

# Govt targeting $500 bn exports from 10-11 sectors by 2030: Official

The government is working on boosting domestic manufacturing and increasing exports to USD 500 billion by 2030 from 10-11 sectors, including automobiles, pharma, textiles, medical devices and chemicals, a senior official said on Thursday.

These issues were discussed during a meeting called by the Commerce and Industry Ministry on Thursday.The meeting was convened by the Department of Promotion of Industry and Internal Trade (DPIIT) in collaboration with Invest India and SCALE (Steering Committee for Advancing Local Value-Add and Exports) Committee to unveil outcomes and recommendations made during the Chintan Shivir for Manufacturing, held on October 12 at Bharat Mandapam here.

The 11 sectors are auto components, automobiles (including EVs), capital goods, chemicals, drones, medical devices, aerospace and defence, leather and footwear, textiles, and space.

# સુરતના ઉદ્યોગ સાહસિકોને એજ્યુકેટ કરવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ગારમેન્ટ કોન્કલેવ ૨૦૨૩' યોજાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૭ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'SGCCI ગારમેન્ટ એક્ષ્પો ૨૦૨૩ – વેન્ડર નેટવર્કીંગ ઓપોર્ચ્યુનિટીઝ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક્ષ્પો દરમ્યાન પ્લેટિનમ હોલમાં સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન 'ગારમેન્ટ કોન્કલેવ ૨૦૨૩'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કોન્કલેવના બીજા દિવસે ગુરૂવાર, તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦થી બપોરે ૨:૩૦ કલાક દરમ્યાન 'ગારમેન્ટ મેન્યુફેકચરીંગ'વિષય ઉપર પ્રથમ સેશન યોજાયું હતું. જેમાં પ્રમુખ વકતાઓ તરીકે વઝીર એડવાઇઝર્સના કો– ફાઉન્ડર અને જોઇન્ટ મેનેજિંગ ડિરેકટર પ્રશાંત અગ્રવાલે 'રીવોલ્યુશનાઇઝીંગ મેન્યુફેકચરીંગઃ સ્માર્ટ ફેકટરી ડેવલપમેન્ટ ઇન ધ ગ્લોબલ એન્ડ ઇન્ડિયન ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી'વિષય પર, વઝીર એડવાઇઝર્સના બિઝનેસ ડાયરેકટર સુરેન્દર જૈન 'અનવિલીંગ ધ સિક્રેટ્સ ટુ એસ્ટાબ્લિશિંગ એન એફિશિયન્ટ ગ્લોબલ ગારમેન્ટ ફેકટરી'વિષય પર, ધ બ્રાન્ડ્સ એન્ડ સોર્સિંગ લિડર્સ એસોસીએશનના ફાઉન્ડર એન્ડ નેશનલ જનરલ સેક્રેટરી રમણ દત્તાએ 'ડ્રાઇવીંગ એકસલન્સ એજ અ ગ્લોબલ બ્રાન્ડ એન્ડ સોર્સિંગ લિડર'વિષય પર, પીવીઆર સોર્સિંગના ફાઉન્ડર એન્ડ સીઇઓ મોહિન્દર મહાજને 'એન્હાન્સીંગ એક્ષપોર્ટ પોટેન્શીયલઃ અ બાયર્સ વિઝન એન્ડ સુરત કી ફોકસ ફોર ગ્લોબલ માર્કેટ્સ'વિશે, બ્રાન્ડ ફ્રિટઝબર્ગના ફ્રિટઝ ગૈત્રી કલોધિંગ કંપનીના ફાઉન્ડર એન્ડ ચેરમેન નવીન સૈનાનીએ 'અનવિલીંગ ટ્રેન્ડ્સઃ ઇનોવેશન્સ એન્ડ ઇનસાઇટ્સ ઇન ધ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી' અંગે ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

બીજું સેશન 'થ્રેડ્સ ઓફ ઇનોવેશનઃ એક્ષપ્લોરીંગ ધ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી એવોલ્યુશન' પર યોજાયું હતું, જેમાં પ્રમુખ વકતાઓ તરીકે ગારમેન્ટ મંત્રા લાઇફસ્ટાઇલ લિમિટેડના મેનેજિંગ ડિરેકટર પ્રેમ અગ્રવાલ અને વાઇસ પ્રેસિડેન્ટ બિઝનેસ શ્રીકાંત બેનર્જીએ ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે ત્રીજું સેશન 'ઇન્ફયુઝીંગ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇન ટુ ધ ગારમેન્ટ એન્ડ ફેશન ઇન્ડસ્ટ્રીઃ ટ્રાન્સફોર્મેટીવ ઇમ્પ્લીમેન્ટેશન' વિષય પર યોજાયું હતું. જેમાં પ્રમુખ વકતાઓ તરીકે મનન ગોંડલિયા અને સ્વાતિ તિવારીએ ઉદ્યોગ સાહસિકો અને ફેશનના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ કોન્કલેવમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાંથી ગયા વર્ષની કાપડ અને વસ્ત્રોની નિકાસની તપાસ કરવાથી હકારાત્મક વલણ જોવા મળે છે. ભારતની રેડીમેઇડ ગારમેન્ટની નિકાસ ૧.૧૦ ટકા વધીને ૧૬.૧૯ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચી છે. જ્યારે કોટન યાર્ન, ફેબ્રિકસ, મેક–અપ્સ અને હેન્ડલૂમ પ્રોડકટસની નિકાસ ૨૮.૪૫ ટકા ઘટીને ૧૦.૯૫ બિલિયન યુએસ ડોલર થઇ હતી. આ બાબત ભારતમાંથી કપડાની નિકાસની વધતી સંભાવનાને દર્શાવે છે. જેમ જેમ ભારત તેના અમૃત કાલમાં પ્રવેશ કરે છે, ત્યાં ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનના ગારમેન્ટ સેગમેન્ટમાં હિસ્સો ધરાવતા ઉદ્યોગકારો અને વેપારીઓ માટે નોંધપાત્ર લાભો દેખાઇ રહયા છે. વધુમાં તેમણે સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ભારતભરમાંથી ગારમેન્ટ એક્ષપોર્ટ










માટે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત થઇ રહેલા પ્રયાસો અને એક્ટીવિટીનું મહત્વ પણ સમજાવ્યું હતું.

ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવા એક પ્રયાસના ભાગ રૂપે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગારમેન્ટ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવવા માગતા ઉદ્યોગ સાહસિકોને એજ્યુકેટ કરવા માટે આ એક્ષ્પોની સાથે બે દિવસીય ગારમેન્ટ કોન્ક્લેવ પણ યોજાઇ હતી, જેમાં વિશ્વના જાણીતા નિષ્ણાંતોને આમંત્રિત કરીને તેમના દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રશાંત અગ્રવાલે ગારમેન્ટ મેન્યુફેક્ચરીંગ માટે નોલેજ અને ટ્રેઇનીંગને મહત્વ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વમાં જુદી–જુદી પ્રોડક્ટનું વૈશ્વિક માર્કેટ ૯૧૦ બિલિયન યુએસ ડોલરનું છે, જેમાં ૫૧૪ બિલિયન યુએસ ડોલરનું માર્કેટ ગારમેન્ટનું છે. ગ્લોબલ બાયર હવે ચાઇનાથી ડાયવર્ટ થવા માગે છે અને તેઓને આકર્ષવા માટે ભારત પાસે સુવર્ણ તક છે. ગ્લોબલ બાયરને સારી ક્વોલિટી, બલ્ક પ્રોડક્શન અને સમયસર ડિલીવરી જોઇએ છે. બાંગ્લાદેશ, વિયેતનામ અને કમ્બોડિયા આ તકનો લાભ લઇ રહયા છે ત્યારે ભારત માટે આ દિશામાં ઘણી મોટી તક છે, જેનો લાભ સુરતના ઉદ્યોગકારોને પણ લેવો જોઇએ.

ભારતનું કુલ એક્ષ્પોર્ટ માર્કેટ ૧૬૫ બિલિયન યુએસ ડોલરનું છે, જેમાં ૧૨૫ બિલિયન યુએસ ડોલર ભારતનું ડોમેસ્ટીક માર્કેટ છે. એમાં પણ ૯૨ બિલિયન યુએસ ડોલરનું સેલ ગારમેન્ટનું છે. વર્ષ ૨030 સુધીમાં ભારતનો એક્ષ્પોર્ટ ટાર્ગેટ ૩૫0 બિલિયન યુએસ ડોલર સુધી પહોંચાડવાનો છે, જેમાંથી ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો એક્ષ્પોર્ટ કરવાનો અને ૨૫0 બિલિયન યુએસ ડોલરનું ડોમેસ્ટીક માર્કેટનો છે. અમેરિકામાં અન્ય દેશોમાંથી ૩૨ બિલિયન યુએસ ડોલરનું એક્ષ્પોર્ટ થાય છે, જેમાં ભારતનો હિસ્સો માત્ર ૨ ટકાનો છે ત્યારે અમેરિકામાં ગારમેન્ટ એક્ષ્પોર્ટ માટે ભારત પાસે ૯૮ ટકા એટલે કે આખું માર્કેટ ખુલ્લું છે.

તેમણે ઉદ્યોગ સાહસિકોને ગારમેન્ટ યુનિટના પ્લાનિંગ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રૂપિયા ૨૫ કરોડના રોકાણની સાથે રૂપિયા ૧૦૦ કરોડનું ટર્નઓવર કરી શકાય છે અને એમાં ૧૮થી ૨૦ ટકા માર્જીન મળે છે. ગારમેન્ટ મેન્યુફેક્ચરીંગમાં વ્યવસ્થિત પ્લાનિંગ સાથે રોકાણ કરી એફિશિયન્સી વધારવામાં આવે તો માર્જીન હજી વધી શકે છે. તેમણે ડિજીટલાઇઝેશન, સસ્ટેનેબિલિટી, એફિશિયન્સી અને કોમ્પ્લાયન્સ જેવા જુદા–જુદા ફેક્ટર્સ વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

સુરેન્દર જૈને જણાવ્યું હતું કે, ગારમેન્ટ બધા જ બનાવે છે તેમાં અદ્યતન ટેકનોલોજીની ભૂમિકા મહત્વની હોય છે. તેમણે ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં લાંબા સમય સુધી ટકી રહેવા માટે ઉભી થતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ માટેની વિસ્તૃત માહિતી આપી હતી. બાંગ્લાદેશમાં એવરેજ ૩000 અને વિયેતનામમાં ૨000 મશીનો એક જ સ્થળે હોય છે, જ્યારે ભારતમાં ૧૦૦થી ૨00 મશીનો જોવા મળે છે. અમેરિકન, જાપાનીઝ અને યુરોપિયન બાયર્સ માટે વોલ્યુમ મહત્વનો હોય છે, આથી તેઓને આકર્ષવા માટે સુરતના ઉદ્યોગકારોને બલ્કમાં ગારમેન્ટનું મેન્યુફેક્ચરીંગ કરવું પડશે. તેમણે ફેક્ટરી વાઇઝ ઇન્વેસ્ટમેન્ટ અને લેઆઉટ પ્લાનની માહિતી આપી હતી.

રમણ દત્તાએ જણાવ્યું હતું કે, ચાઇનામાં દરેક પ્રોડક્ટની એક સિટી છે. તેઓ ક્વોલિટી અને સ્પેશ્યાલિટી પર ફોકસ કરે છે. દરેક પ્રોડક્ટમાં ક્વોલિટી અને સ્પેશ્યાઇઝેશન હશે ત્યારે ગ્લોબલ બાયર્સ એને ખરીદવા માટે સુરત આવશે. એના માટે ડિઝાઇન એન્ડ ઇનોવેશન સેન્ટર બનાવવાની જરૂર છે. વોલ્યુમની સાથે પ્રોડક્ટ સ્પેશ્યાલિટી પણ જરૂરી છે.

નવીન સૈનાનીએ જણાવ્યું હતું કે, કલસ્ટરમાં કોમન સ્ટોરેજનો કોન્સેપ્ટ સારો છે પણ તેમાં રિસ્ક ઉભું થઇ શકે તેમ છે. આ રિસ્કને ઘટાડવા માટે સ્પેસિફિક એસઓપી બનાવવી પડશે. ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ માટે ઇન્ક્યુબેશન સેન્ટર બનાવવા પડશે. તેમણે કલસ્ટર સેટીંગ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રથમ સેશન બાદ પેનલ ડિસ્કશન યોજાઇ હતી. જેમાં પ્રશાંત અગ્રવાલ, સુરેન્દર જૈન, પ્રેમ અગ્રવાલ, રમણ દત્તા, નવીન સૈનાની, મોહિન્દર મહાજન, ડો. અજોય ભટ્ટાચાર્ય અને ઉદ્યોગપતિ રાકેશ સરાવગીએ પેનલિસ્ટો તરીકે ભાગ લઇ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

પ્રેમ અગ્રવાલે જણાવ્યું હતું કે, યુવા પેઢીએ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવવું જોઇએ. ખાસ કરીને એવા યુવાઓ કે જેઓનો ફેમિલી બિઝનેસ અગાઉથી જ








સેટઅપ થયેલો હોય તો તેઓએ પરિવારની મહિલાઓ તેમજ દીકરીઓનો પણ ગારમેન્ટ બિઝનેસમાં સમાવેશ કરવો જોઇએ તથા તેમાં ટેકનોલોજી ડિજીટલાઇઝેશનની સાથે આગળ વધવું જોઇએ. શ્રીકાંત બેનર્જીએ જણાવ્યું હતું કે, ગારમેન્ટ મેન્યુફેકચરીંગ જેટલું ટફ દેખાય છે તેટલું નથી. ગારમેન્ટ મેન્યુફેકચરીંગ સાયન્સ છે પણ રોકેટ સાયન્સ નથી.

મનન ગોંડલિયાએ ઉદ્યોગ સાહસિકોને પ્રિ મેડ કેટેગરી, સીમલેસ પેટર્ન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના મહત્વ વિશે માહિતી આપી હતી. જ્યારે સ્વાતિ તિવારીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગથી પ્રિન્ટમાં વિઝયુઅલાઇઝેશન થઇ જાય છે. ટાઇમ કન્ઝમ્પ્શન ખૂબ જ ઘટી જાય છે અને સેમ્પલીંગ વધારે થાય છે, જેને કારણે ગારમેન્ટ મેન્યુફેકચરીંગમાં પ્રોડકટીવિટી વધારી શકાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક વિધિ કરી હતી. ચેમ્બરની ફેશન ડિઝાઇનીંગ કમિટીના સભ્ય અંકિતા ગોયલ અને હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન માનસી વિરાનીએ ગારમેન્ટ કોન્કલેવનું સંચાલન કર્યું હતું. કોન્કલેવમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને ફેશન ડિઝાઇનીંગના વિદ્યાર્થીઓના વિવિધ સવાલોના પ્રમુખ વકતાઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયું હતું.



## Cotton textile, apparel companies see 8-10% rise in exports

Cotton textile and garment exporters expect an 8-10% rise in outbound shipments in the next few months with the holiday season in the developed markets expected to bring relief even as apparel export slump continues with order deferments and requests for price cuts.

(Courtesy: The Economic Times)

# ગારમેન્ટ કોન્કલેવ દરમ્યાન 'કિડ્સ ફેશન શો ૨૦૨૩' યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે 3:00 કલાકે પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે આયોજિત 'S G C C I ગારમેન્ટ એક્ષ્પો ૨૦૨૩ – વેન્ડર નેટવર્કીંગ ઓપોર્ચ્યુનિટીઝ' અને ગારમેન્ટ કોન્કલેવ દરમ્યાન ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન એન્ડ ટેકનોલોજીના સહયોગથી 'કિડ્સ ફેશન શો ૨૦૨૩' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન એન્ડ ટેકનોલોજીના ફેશન ડિઝાઈનીંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ડિઝાઈન કરેલા ડ્રેસને પહેરીને નાના – નાના ભૂલકાંઓએ રેમ્પ વોક કર્યું હતું. બાળકોના ફેશન શોમાં સ્કૂપ ઓફ આઈસ્ક્રીમ, એલીમેન્ટ્સ ઓફ અર્થ જેવી કેટેગરી અનુસાર ડ્રેસ રજૂ કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ નાની દીકરીઓને શુભેચ્છાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ફેશન ઈન્ડિયા હેઠળ ચેમ્બર ઓફ કોમર્સમાં વિવિધ એક્ઝીબીશન કરવામાં આવે છે, આથી ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં નવું સ્ટાર્ટ–અપ કરનાર ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રથમ વખત કિડ્સ ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો આનંદ દીકરીઓના ચહેરા પર સ્પષ્ટ રીતે દેખાઈ રહયો છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, 'ગારમેન્ટ કોન્કલેવનું લક્ષ્ય ગારમેન્ટ ક્ષેત્રે શહેરીજનોના બિઝનેસમાં વૃદ્ધિ કરવાનો અને એક્ષપોર્ટ વધારવાનો છે. ગારમેન્ટ ક્ષેત્રે વિશ્વમાં કેવા કપડાની જરૂર છે? તેના પર રિસર્ચ કરી તેનું વધુ ઉત્પાદન કરી વિશ્વના ૮૪ દેશોમાં એક્ષપોર્ટ થાય તેવું આયોજન કરવાનું છે.

આ ફેશન શોમાં ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ગૃપ ચેરમેન તેમજ ઓલ એક્ઝીબિશન્સ ચેરમેન બિજલ જરીવાલા, ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્ય, ધી કલોથીંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા (CMAI)ના જોઈન્ટ સેક્રેટરી નવીન સૈનાની, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ સીએમએઆઈના સાઉથ ગુજરાત રિજીયન ચેરમેન ડો. અજોય ભટ્ટાચાર્ય, ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન એન્ડ ટેકનોલોજીના ડાયરેકટર અશોક ગોહિલ અને અનુપમ ગોહિલ તથા જ્યુરી તરીકે ચેમ્બરના સભ્ય અંકિતા વાળંદ અને ફેશન કોરિયાગ્રાફર રાહુલ જૈન ઉપસ્થિત રહયા હતા.


SGCCI
The Southern Gujarat Chamber of Commerce and Industry
SSOCIATE SPONSORS
ultra















# એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે વ્યવસાયિક માહિતીના આદાન – પ્રદાન માટે સમજૂતિ કરાર થયા



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હાથ ધરાયેલા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત સુરતની ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (AACCI) વચ્ચે વ્યાવસાયિક માહિતીના તેમજ બિઝનેસ ઈન્કવાયરીના આદાન – પ્રદાન હેતુ તેમજ બે દેશોના ઉદ્યોગકારો અને વેપારીઓ એકબીજાને પરસ્પર ઉપયોગી થઇ શકે તે માટે સમજૂતિ કરાર થયા છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા અને એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ફાઉન્ડર એન્ડ ચેરમેન ડો. જી.ડી. સિંગે આ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, સમજૂતિ કરારને પગલે બંને દેશોની ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો વચ્ચે વ્યાવસાયિક આદાન – પ્રદાન થઇ શકશે. સાથે જ સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ તેમજ એશિયન આફ્રિકન દેશોના બિઝનેસમેનોને જરૂરી વ્યાવસાયિક માર્ગદર્શન અને સહયોગ પણ મળી રહેશે. આફ્રિકન દેશોના બિઝનેસમેનોને જે પ્રોડકટની જરૂર હશે તેની માહિતી સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આપવામાં આવશે, જેથી કરીને તેઓ સુરતથી વિવિધ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકશે. આવી રીતે આગામી સમયમાં SGCCIના મિશન ૮૪ અંતર્ગત રૂપિયા ૮૪૦૦૦ કરોડના એક્ષ્પોર્ટના લક્ષ્યાંકને પૂર્ણ કરવા હેતુ એકબીજાનો સહયોગ મળી રહેશે.

વધુમાં આ સમજૂતિ કરાર મુજબ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટને આફ્રિકન દેશોની અન્ય ચેમ્બર ઓફ કોમર્સ તેમજ તેની સાથે સંકળાયેલા બિઝનેસમેનો સુધી પહોંચાડવામાં આવશે. સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આફ્રિકન દેશોના બિઝનેસમેનો સાથે વ્યાપાર કરવાની તક ઝડપથી મળી રહે તે હેતુથી એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે સમજૂતિ કરાર કરવામાં આવ્યા છે.

મિશન ૮૪ અંતર્ગત થોડા દિવસો પહેલા એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એકઝીકયુટીવ ડાયરેકટર એમ.જે. પુરી તથા મુરલીપાઇ સાથે મિટીંગ થઇ હતી, જેમાં મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે તેઓની સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું અને તેઓને મિશન ૮૪ની સાથે જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

આ મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. ૧૦થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન યોજાનારા ફૂડ એન્ડ એગ્રીટેક એકઝીબીશન વિશે પણ એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓને માહિતી આપવામાં આવી હતી. બંને પ્રતિનિધિઓએ આફ્રિકન દેશોમાં ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા બિઝનેસમેનોને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સના ફૂડ એન્ડ એગ્રીટેક એકઝીબીશનમાં પાર્ટીસિપેટ કરાવવા તેમજ પ્રદર્શનની મુલાકાત માટે સુરત લાવવાની ખાતરી આપી હતી.

# ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા 'હોમમેડ ચોકલેટ બુકે'વિશે વર્કશોપ યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાએ ગુરૂવાર, તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એકઝીકયુટીવ કમિટી મિટીંગમાં હાજરી આપી હતી. તેમણે આ મિટીંગમાં SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ગુજરાત ઉપરાંત સમગ્ર દેશમાંથી એક્ષ્પોર્ટ વધારવા હેતુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત કરાઇ રહેલા પ્રયાસોથી મિટીંગમાં ઉપસ્થિત અમદાવાદના ઉદ્યોગકારો, વેપારીઓ અને GCCIના સભ્યોને અવગત કર્યા હતા.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એકઝીકયુટીવ કમિટી મિટીંગમાં મિશન ૮૪ અંતર્ગત SGCCI અને GCCI વચ્ચે એમઓયુ સાઇન થયા હતા, જેના પર SGCCIના પ્રમુખ રમેશ વઘાસિયા અને GCCIના પ્રમુખ અજય પટેલે હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુને પગલે બંને ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો વચ્ચે વ્યાવસાયિક માહિતીનું તેમજ પ્રોડકટનું આદાન – પ્રદાન થઇ શકશે. સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ગુજરાતના બિઝનેસમેનોને જરૂરી વ્યવસાયિક માર્ગદર્શન અને સહયોગ પણ મળી રહેશે.

આ ઉપરાંત અમદાવાદના બિઝનેસમેનોને જે પ્રોડકટની જરૂર હશે તેની માહિતી સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આપવામાં આવશે, જેથી કરીને સુરતના ઉત્પાદકો અને વેપારીઓ તેઓની પ્રોડકટ અમદાવાદના બિઝનેસમેનોને સરળતાથી વેચી શકશે.



## Good tidings for textiles industry as experts see pick-up in production, exports

After experiencing contraction for a year, textile production and exports are trotting back to normal, having got rid of inventory pileup even as stock buildup ahead of Christmas holiday season in the West continues to drive export demand. September marked the third consecutive month of expansion for the industry, and experts expect the growth to sustain in the second half of 2023-24.

(Courtesy: The Economic Times)

# ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત 'મેન્યુફેકચરીંગ ઓપોર્ચ્યુનિટીઝ ઇન આફ્રિકા' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયું





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા એશિયન – આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને એરાઇઝ એલએલપી ઇન્ડિયા પ્રા.લિ.ના સંયુકત ઉપક્રમે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત શુક્રવાર, તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે પઃ૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'મેન્યુફેકચરીંગ ઓપોર્ચ્યુનિટીઝ ઇન આફ્રિકા'વિષય પર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એશિયન – આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડાયરેકટરો એમ.જે. પુરી અને મુરલી પાઇ તથા એરાઇઝ એલએલપી ઇન્ડિયા પ્રા.લિ.ના વેસ્ટ રિજીયન હેડ સોનલ પટેલે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આફ્રિકાના વિવિધ દેશોમાં વિવિધ ક્ષેત્રે રોકાણ કરવા તેમજ વેપાર કરવા આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ આફ્રિકા, મોરોક્કો અને ઇજિપ્ત ખંડમાં ઔદ્યોગિકીકરણમાં ઉચ્ચ રેન્કિંગ ધરાવે છે. આફ્રિકા ધીમે ધીમે વિકાસ તરફ આગળ વધી રહયું હોવાથી વિશ્વભરના ઉદ્યોગ સાહસિકો આફ્રિકાના દેશો સાથે વ્યાપાર કરવા પ્રાથમિકતા આપશે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પણ મિશન ૮૪ અંતર્ગત આ જ દિશામાં પ્રયાસ કરાઇ રહયો છે અને આફ્રિકાના જુદા–જુદા દેશોના પ્રતિનિધિઓ સાથે ટ્રેડ મિટીંગો યોજાઇ રહી છે, જેમાં સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને આંતરરાષ્ટ્રીય વ્યાપારની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવી રહયું છે.

તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ની પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષપોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષપોર્ટર્સને તથા વિશ્વના જુદા– જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪, ૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ કરાઇ રહયો છે.

આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે, આથી મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગકારો અને વેપારીઓને મિશન ૮૪ની સાથે જોડાવા તેમણે અનુરોધ કર્યો હતો.

એરાઇઝ એલએલપી ઇન્ડિયા પ્રા.લિ.ના વેસ્ટ રિજીયન હેડ સોનલ પટેલે જણાવ્યું હતું કે, આફ્રિકાના દેશોમાં કોટન, એગ્રીકલ્ચર અને મિનરલ્સ ક્ષેત્રે વ્યવસાય કરવાની ઘણી તકો છે. ત્યાંના દેશોમાં રોકાણ કરનારા ઉદ્યોગકારોને ટેક્ષમાં લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત મશીનરીની આયાતમાં પણ ડયુટીમાં રાહત આપવામાં આવે છે. આફ્રિકાના દેશો પૈકી ટોગો દેશમાં સુરતના ઉદ્યોગકારો સરળતાથી રોકાણ કરી શકે છે. કારણ કે, ટોગો શહેરમાં પોર્ટની સુવિધા ઉપલબ્ધ છે. લેબર વર્ક ફોર્સ અને રો મટિરિયલ પણ ત્યાં સરળતાથી મળી રહે છે.







વધુમાં તેમણે આફ્રિકાના વિવિધ દેશોની શું સ્ટ્રેન્થ છે? તેના વિશે માહિતી આપી જુદા-જુદા દેશોની વ્યાપાર - ઉદ્યોગમાં રોકાણ માટેની સ્કીમો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હવે આફ્રિકા સંપૂર્ણ સુરક્ષિત હોઇ અને દરેક આફ્રિકન દેશમાં ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓનું એક મજબૂત સંગઠન છે, આથી સુરક્ષાની સાથે સાથે સુરતના ઉદ્યોગકારોને ત્યાં સગવડતા પણ મળી રહેશે તે અંગે તેમણે જરૂરી માહિતી આપી હતી.

AACCIના ડાયરેક્ટર એમ.જે. પુરીએ જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ સુરતીઓના બિઝનેસને નવી પાંખ આપશે. ચેમ્બરના પ્રમુખ રમેશ વઘાસિયાએ હાથ ધરેલો આ પ્રોજેક્ટ ભારતની અર્થ વ્યવસ્થાની વૃદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. થોડા સમય અગાઉ જ એશિયન - આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ચેમ્બર ઓફ કોમર્સ, સુરતની વચ્ચે એમઓયુ થયા હતા. જેને કારણે AACCI આફ્રિકામાં બિઝનેસ સ્થાપિત કરવા ઈચ્છુક ઉદ્યોગ સાહસિકોને શકય હોય તે તમામ પ્રકારની મદદ કરશે. AACCI પોતાનો વિસ્તાર આફ્રિકાના અનેક દેશોમાં ધરાવતી હોવાના કારણે તેના મદદ થકી આફ્રિકાના વિવિધ દેશોમાં બિઝનેસ શરૂ કરી શકાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબી, ચેમ્બરના ગ્રૃપ ચેરમેન કમલેશ ગજેરા અને ચેમ્બરની ડિફેન્સ કમિટીના ચેરપર્સન આશા દવે સેશનમાં ઉપસ્થિત રહયા હતા. એમ.જે. પુરી અને સોનલ પટેલે મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને નિકાસકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરની કોર કમિટીના સભ્ય કોમલ કુમાર શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.



# ચેમ્બર પ્રમુખે IFSCAના ચેરમેન કે. રાજારમનને મિશન ૮૪થી અવગત કરી ઉદ્યોગકારો અને એક્ષ્પોર્ટર્સને માર્ગદર્શન આપવા સુરત પધારવા આમંત્રણ આપ્યું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાએ મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાતના ગીફ્ટ સિટી ગાંધીનગર ખાતે ઇન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) દ્વારા 'ધ રોલ ઓફ આઇએફએસસી ઇન એક્ષ્પોર્ટ ક્રેડિટ એન્ડ એક્ષ્પોર્ટ ક્રેડિટ ઇન્સ્યુરન્સ' વિષય પર યોજાયેલી ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં હાજરી આપી હતી.

દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ ભારત સરકાર દ્વારા ગાંધીનગર ખાતે સ્થપાયેલી ઇન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટીના ચેરમેન કે. રાજારમનની મુલાકાત લીધી હતી અને તેમને SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ની પ્રાથમિક વિગતો જણાવી તે અંતર્ગત ભારતમાંથી એક્ષ્પોર્ટ વધારવા હેતુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાઇ રહેલા પ્રયાસોથી અવગત કર્યા હતા. ચેમ્બર પ્રમુખે તેમને મિશન ૮૪ અંતર્ગત સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો, વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સ સાથે મિટીંગ કરી તેઓને માર્ગદર્શન આપવા માટે સુરત આવવા આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા અને વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ કરાઇ રહયો છે ત્યારે આ પોર્ટલના માધ્યમથી રૂપિયા ૮૪૦૦૦ કરોડના એક્ષ્પોર્ટના લક્ષ્યાંકને હાંસલ કરવા હેતુ એક્ષ્પોર્ટર્સને જરૂર પડે તેવી ક્રેડિટ ફેસિલિટી ઓછામાં ઓછા વ્યાજદરથી અને કો–લેટરલ સિક્યુરિટી વગર ફોરેન કરન્સીમાં પણ મળી રહે તે માટે ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ IFSCAના ચેરમેન સાથે ચર્ચા વિચારણા કરી હતી.

ચેમ્બર પ્રમુખે ભારતથી એક્ષ્પોર્ટ કર્યા પછી કયારેક જોખમ ઉભું થાય તો એવા સંજોગોમાં એક્ષ્પોર્ટર્સને ઇન્સ્યુરન્સ મળી રહે અને તેઓનું જોખમ ઓછું થાય તે માટે વિસ્તૃત ચર્ચા કરી ઉદ્યોગકારો અને એક્ષ્પોર્ટર્સને મહત્તમ લાભ અપાવવા માટે IFSCAના ચેરમેન કે. રાજારમનને રજૂઆત કરી હતી. સાથે જ મિશન ૮૪ને સહયોગ આપવા તેમજ દેશના વિવિધ એક્ષ્પોર્ટર્સને મિશન ૮૪ના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલ પર ઓનબોર્ડ થવા માટે પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.

IFSCAના ચેરમેન કે. રાજારમને પણ ચેમ્બર પ્રમુખના અનુરોધને સ્વીકારી મિશન ૮૪ને સહયોગ આપવા તેમજ એક્ષ્પોર્ટર્સને તેની સાથે ઓનબોર્ડ થવા પ્રયાસ કરવાની ખાતરી આપી હતી. સાથે જ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો, વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને માર્ગદર્શન આપવા માટે ચેમ્બર પ્રમુખે સુરત આવવા માટે આપેલા આમંત્રણને સહર્ષ સ્વીકાર્યું હતું.

ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, IFSCAદ્વારા યોજાયેલી કોન્ફરન્સમાં વિવિધ ઇન્સ્ટીટયુશનના નિષ્ણાંતો અને અભ્યાસુ વકતાઓએ દેશ – વિદેશમાંથી ઉપસ્થિત ઉદ્યોગ અગ્રણીઓ, વિવિધ બેંકોના વરિષ્ઠ અધિકારીઓ અને વિવિધ સંસ્થાઓના વડા અને એક્ષ્પોર્ટર્સને ભારતના ઉભરી રહેલા એક્ષ્પોર્ટના પોટેન્શીયલને ધ્યાનમાં રાખી અને જૂના અને નવા એક્ષ્પોર્ટર્સને ક્રેડિટ અને ક્રેડિટ ઇન્સ્યુરન્સ બાબતે મદદરૂપ થવા તેમજ એક્ષ્પોર્ટ માટેની સુવિધા અને તકો વિશે વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અને સુરત ઇકોનોમિક ફોરમ અંતર્ગત દેશની આર્થિક બાબતોના નિષ્ણાંત દેવેન ચોકસી સાથે India's GDP US $ 12 Trillion : Unfolding India Investing વિષય પર મિટીંગ યોજાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અને સુરત ઇકોનોમિક ફોરમ (થીન્ક ગ્લોબલ, એક્ટ લોકલ) અંતર્ગત મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે 3:00 કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે 'India's GDP US $ 12 Trillion : Unfolding India Investing' વિષય પર મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીઆર ચોકસી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તેમજ સ્ટોક માર્કેટ, ઇન્વેસ્ટમેન્ટ, સ્ટોક્સ અને દેશની આર્થિક બાબતોના નિષ્ણાંત તરીકે નેશનલ બિઝનેસ ન્યુઝ ચેનલોમાં એક્સપર્ટ વ્યુ આપનારા જાણીતા અર્થશાસ્ત્રી દેવેન ચોકસીએ ઉદ્યોગકારો, વેપારીઓ, રોકાણકારો અને પ્રોફેશનલ્સને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪નું પ્રેઝન્ટેશન રજૂ કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા દ્વારા મિશન ૮૪ની સાથે ભારતના ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તેમજ વિશ્વના જુદા–જુદા દેશોના બિઝનેસમેનોને જોડવા માટે પ્રયાસ કરાઇ રહયો છે. ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,000 ઉદ્યોગકારો અને વિશ્વના જુદા– જુદા દેશોના ૮૪, 000 બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયા છે.

આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે તેઓની સાથે પણ મિટીંગો કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ રજનિકાંત મારફતિયા, મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર સંજય પંજાબી અને ગૃપ ચેરમેન દીપક કુમાર શેઠવાલા મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા. સુરત ઇકોનોમિક ફોરમના ગૃપ ચેરમેન હેમંત દેસાઇએ સુરત ઇકોનોમિક ફોરમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન કેતન દલાલે વકતા દેવેન ચોકસીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની કોર કમિટીના મેમ્બર કોમલ કુમાર શાહે સર્વેનો આભાર માન્યો હતો. નિષ્ણાંત વકતાએ મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, વેપારીઓ, રોકાણકારો અને પ્રોફેશનલ્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.

# આવનારા દસ વર્ષમાં રેલ્વે સેક્ટર ઉપરાંત ક્રુડ ઓઇલ, કોલ, ગોલ્ડ, ડિફેન્સ અને શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ મોટી તકો દેખાઇ રહી છે : શ્રી દેવેન ચોકસી




દેવેન ચોકસીએ જણાવ્યું હતું કે, દેશમાં હવે ઇન્ફ્રાસ્ટ્રકચર ખૂબ જ ઝડપથી ઉભું થઇ રહયું છે. વર્ષ ૨૦૨૦માં જ્યારે વિશ્વના દેશો પોતાની ઇકોનોમીને ચલાવવા માટે વિચારતા હતા ત્યારે ભારત સરકાર દેશની ઇકોનોમીમાં નવું રોકાણ કઇ રીતે લાવી શકાય? તે દિશામાં વિચારતી હતી. કોરોના કાળમાં જ્યારે અન્ય દેશોની ઇકોનોમી ગ્લોબલી સ્ટોપ થઇ ગઇ હતી ત્યારે ફેબ્રુઆરી ૨૦૨૦માં ભારત સરકારે આગામી દસ વર્ષ માટેના પ્લાનિંગ સાથેનું બજેટ રજૂ કર્યું હતું.

ભારતની ઇકોનોમી વર્ષ ૧૯૪૭થી ૨૦૧૪ સુધીમાં ૧ ટ્રિલિયન યુએસ ડોલર થઇ હતી. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં ૪ ટ્રિલિયન યુએસ ડોલર સુધી પહોંચી છે. હવે પછીના ચાર વર્ષમાં ૬થી ૭ ટ્રિલિયન યુએસ ડોલર અને ત્યારબાદ ૧૨ ટ્રિલિયન યુએસ ડોલર સુધી ભારતની ઇકોનોમીને લઇ જવા માટે પ્રયાસ થઇ રહયો છે. આવી રીતે ભારતમાં કેપિટલ ત્રણ ગણી વધવાની સંભાવના દેખાઇ રહી છે.

યુપીઆઇ સિસ્ટમને કારણે લોકો એકબીજાની સાથે સીધી રીતે જોડાતા થઇ ગયા છે. બેંકનો રોલ સેકન્ડરી થઇ ગયો છે. દરેક વેપારીઓ હવે ડિજીટલ પેમેન્ટ કરતા થઇ ગયા છે. ભારતે ડિજીટલ કરન્સી ઇ રૂપી ચલણમાં મૂકી છે અને વિશ્વના જુદા–જુદા 30 જેટલા દેશોમાં ઇ રૂપીની સાથે બીટુબી પેમેન્ટ કરી રહયા છે. બીટુબી અને બીટુસી પેમેન્ટ હવે ગ્લોબલ ટ્રેડર્સ સાથે એક્ષ્ચેન્જ થવાના ચાલુ થયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવનારા દસ વર્ષમાં રેલ્વે સેક્ટર ઉપરાંત ક્રુડ ઓઇલ, કોલ, ગોલ્ડ, ડિફેન્સ અને શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ મોટી તકો દેખાઇ રહી છે. વર્ષ ૨૦30 સુધીમાં નવી એજ્યુકેશન પોલિસી અમલી થઇ જશે અને ત્યારે વિદેશના વિદ્યાર્થીઓને ભારતમાં અભ્યાસ માટે આકર્ષવા આખું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરાશે. સુરતે પણ વિદેશના વિદ્યાર્થીઓને આકર્ષવા માટે પ્રયાસ કરવો જોઇએ.



## Bharat Park to be set up in UAE: Piyush Goyal

A goods show room and warehouses for Indian goods will be set up in United Arab Emirates (UAE), Commerce and Textiles Minister, Piyush Goyal said Thursday. The planned 'Bharat Park' will facilitate other countries of the world to buy Indian goods, he said during and event organised by the Synthetic and Rayon Textiles Export Promotion Council (SRTEPC).

Expressing concern on Free Trade Agreements (FTAs) with Japan, Australia, UAE, and South Korea, he said that utilisation of benefits are very poor in India. He also said that Bureau of Indian Standards (BIS) will spend Rs. 40 crore for setting up 21 testing laboratories across the country.

(Courtesy: The Economic Times)

# ભારત સરકાર માટે GEM પોર્ટલ બનાવનાર શ્રી વિશાલ મહેતાએ મિશન ૮૪ને ટેકનિકલ સહયોગ આપવાની ખાત્રી આપી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાએ મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાતના ગીફ્ટ સિટી ગાંધીનગર ખાતે Infibeam Avenues Limitedના ચેરમેન વિશાલ મહેતા સાથે મુલાકાત કરી હતી. વિશાલ મહેતાએ ભારત સરકાર માટે Government e Marketplace (GeM) પોર્ટલ બનાવ્યું છે. આ પોર્ટલ દ્વારા ભારત સરકાર વિવિધ ડિપાર્ટમેન્ટ માટે ઓનલાઇન પ્રોકયોરમેન્ટ કરે છે. રિલાયન્સનું જીઓ માર્કેટ પોર્ટલ પણ તેમણે જ બનાવ્યું છે. ઘણા વર્ષો સુધી અમેરિકામાં કામ કર્યા પછી ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રે વિશાલ મહેતાએ ઘણું સારું કામ કર્યું છે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ વિશાલ મહેતા સમક્ષ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ની વિગતો આપી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ભારતની ઇકોનોમીને વધુ મજબૂત બનાવવા માટે એક્ષ્પોર્ટને વધારવા હેતુ મિશન ૮૪ પ્રોજેક્ટનું મહત્વ અને તેની પાછળના હેતુ વિશે વિસ્તૃત જાણકારી આપી મિશન ૮૪ને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેક્ટથી વિશાલ મહેતા ખૂબ જ પ્રભાવિત થયા હતા અને જણાવ્યું હતું કે, દેશ માટે કોઇપણ સ્વાર્થ વગરનું જે કામ થઇ રહ્યું છે તે ખરેખર ઉમદા અને સારું છે અને એમાં તમામ લોકો નિઃસ્વાર્થપણે સહયોગ આપે એમાં શંકાને કોઇ સ્થાન નથી. તેમણે પોતાની આખી ટીમ સાથે મિશન ૮૪ને ટેકનિકલ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

ચેમ્બર પ્રમુખે વિશાલ મહેતાને SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ની પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ કરાઇ રહયો છે.

આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે.

# મિશન ૮૪ અંતર્ગત થાઈલેન્ડ તથા ન્યુઝીલેન્ડ, જાપાન અને સિંગાપોરના ડેલીગેશન સાથે બીટુબી ઈન્ટરેકટીવ મિટીંગ મળી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત બુધવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૧:30 કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે મુંબઇ સ્થિત થાઇ ટ્રેડ ઓફિસના ઇન્ટરનેશનલ ટ્રેડ પ્રમોશન વિભાગના એકઝીકયુટીવ ડાયરેકટર સનચાવી પટ્ટાનાચક સાથે મિટીંગ યોજાઇ હતી. સનચાવી પટ્ટાનાચકે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો સાથે આગામી દિવસોમાં સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને થાઇલેન્ડમાં વ્યાપાર – ઉદ્યોગની તકો આપવા વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી.

દરમ્યાન ગુરૂવાર, તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે 3:00 કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે ન્યુઝીલેન્ડના ઉદ્યોગ સાહસિક ડો. કુશ ભાર્ગવ અને ડો. રામકુમાર ભાર્ગવ, જાપાનના વૈજ્ઞાનિક સાકુ કવામાતા, રવિ કુમાર તેમજ સિંગાપોરના ડો. ખુરશીદ સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની બીટુબી ઇન્ટરેકટીવ મિટીંગ યોજાઇ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪નું પ્રેઝન્ટેશન રજૂ કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા દ્વારા મિશન ૮૪ની સાથે ભારતના ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તેમજ વિશ્વના જુદા–જુદા દેશોના બિઝનેસમેનોને જોડવા માટે પ્રયાસ કરાઇ રહયો છે. ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,000 ઉદ્યોગકારો અને વિશ્વના જુદા– જુદા દેશોના ૮૪, 000 બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ થઇ રહયા છે.

આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા માટે તેઓની સાથે પણ મિટીંગો કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

ન્યુઝીલેન્ડના ઉદ્યોગ સાહસિક ડો. કુશ ભાર્ગવે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ તથા રોકાણકારોને ન્યુઝીલેન્ડમાં ગ્રીન પ્રોજેકટ અંતર્ગત ડેવલપ કરવામાં આવી રહેલા કાર્બન નેગેટીવ હાઉસિસમાં રોકાણ કરવા આવકાર્યા હતા. ન્યુઝીલેન્ડમાં ફૂડ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરવા માટે ઘણી તકો છે. કૃષિ ક્ષેત્રે પણ ઘણું પોટેન્શીયલ છે. આ ઉપરાંત ન્યુઝીલેન્ડના માર્કેટમાં લેબગ્રોન ડાયમંડ તથા જેમ્સ એન્ડ જ્વેલરી એક્ષ્પોર્ટ કરવા ઘણી તકો છે.

જાપાનના વૈજ્ઞાનિક સાકુ કવામાતાએ જણાવ્યું હતું કે, ભારતમાં મેક ઇન ઇન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ઇલેકટ્રીક કાર તથા ઇલેકટ્રીક મોટરસાયકલ બનાવવાની શરૂઆત થઇ છે. ગ્લોબલ એન્વાયરમેન્ટને ધ્યાનમાં રાખીને ઇલેકટ્રીક વ્હીકલ કાર અને મોટરસાયકલનું સુરતમાં પણ મેન્યુફેકચરીંગ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, ન્યુજનરેશન બેટરી ડેવલપ થઇ રહી



છે, જે એક ચાર્જીંગમાં ૪૦૦ કિલોમીટર ચાલશે. બે વર્ષ બાદ આ બેટરી માર્કેટમાં આવી જશે, આથી તેમણે સુરતના ઉદ્યોગકારોને કાર તથા મોટરસાયકલ મેન્યુફેકચરીંગ પ્લાન્ટમાં રોકાણ કરવા આવકાર્યા હતા.

સિંગાપોરના પ્રતિનિધિ ડો. ખુરશીદે હેલ્થકેર ઇન્ડસ્ટ્રીમાં રહેલી તકો વિશે જાણકારી આપી હતી. તેમણે હોસ્પિટલ સોલ્યુશન માટેની પ્રોડકટ વિશે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. હેલ્થકેર સિસ્ટમમાં તેમના દ્વારા ડેવલપ કરવામાં આવેલી સ્માર્ટ વોચ વિશે પણ તેઓએ ઉદ્યોગકારોને વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા અને તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ મિટીંગોમાં પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતાએ મિટીંગની રૂપરેખા આપી હતી. રાકેશ ત્રિવેદીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વિવિધ દેશોના પ્રતિનિધિઓએ સુરતના ઉદ્યોગ સાહસિકોની એક્ષ્પોર્ટ તેમજ રોકાણ અંગેના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.



# ચેમ્બર ઓફ કોમર્સ, ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે નવસારીમાં 'NRI મેરેજ અવેરનેસ' સેમિનાર યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના તેમજ ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ર૯ ડિસેમ્બર, ર૦ર૩ના રોજ, સવારે ૧૦:૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, નવસારી ખાતે'NRI મેરેજ અવેરનેસ'સેમિનાર યોજાયો હતો. જેમાં સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતીઓને કેટલીક મહત્વની તકેદારીઓ વિશે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, લગ્ન વ્યવસ્થા ખૂબ સુચારુ સ્વરૂપે ભારતીયો સાથે જોડાયેલી છે. હાલના ડિજીટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તારે છે. પરિચય કેળવાતા, પરિપકવ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ આગમચેતી રાખવી જરૂરી બને છે. કેમ કે, એક ખોટો નિર્ણય દીકરીઓનું સંપૂર્ણ જીવન બરબાદ કરી શકે છે.

મુખ્ય વકતા સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઈને વસનારાઓની સંખ્યામાં વધારો થઈ રહયો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઈ રહયો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે, આથી આવા લગ્નોમાં જોખમ વધુ રહે છે.

ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાંકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે, આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, ખોરાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઈએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિષેની ચોકકસ માહિતી મેળવવી જોઈએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

તેમણે કહયું હતું કે, લગ્ન માટે કોઈ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઈ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું, લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી



ભોળવાઇ જઇ લગ્ન નહિ કરવા, બીજા દેશમાં જઇ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો, વિદેશમાં રહેતી વ્યકિતનો લગ્ન દરજજો એટલે કે વ્યકિત કુંવારી છે, છૂટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યકતા છે વિગેરેની ચકાસણી કરવી જોઇએ. આ ઉપરાંત ઇમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ – પત્ની તરીકેની પાત્રતા, નાણાંકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુંટુંબની પાર્શ્વભૂમિ વિગેરે મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઇએ.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નિયામક રમણિક કાસવાલાએ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

ગાંધીનગરના બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સિસ્ટમ મેનેજર ચિંતન પ્રજાપતિએ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.
ચેમ્બરના એનઆરજી સેન્ટરના ચેરમેન કલ્પેશ લાઠિયાએ સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર પણ માન્યો હતો. ચેમ્બરના એનઆરજી સેન્ટરના કો – ચેરમેન ચેતન શેઠે મુખ્ય વકતાનો પરિચય આપ્યો હતો. શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, નવસારીના વાઇસ પ્રેસિડેન્ટ ચિમન ગજેરા અને સેક્રેટરી મનસુખ સાવલિયા તથા એજ્યુકેશન કમિટીના ચેરમેન અરવિંદ પાનસુરીયા સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. વકતાએ યુવતિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.









# ચેમ્બર ઓફ કોમર્સ અને EEPC ઇન્ડિયાના સંયુકત ઉપક્રમે અવેરનેસ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને એન્જીનિયરીંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'RBI Guidelines and Facilities for Exporters, delving into EDPMS issues and uncovering Business Opportunities at the International Engineering Sourcing Show' વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેશનમાં પ્રમુખ વકતા તરીકે ટ્રેઇનર એન્ડ કન્સલ્ટન્ટ (એકસ બેંકર) ગૌરાંગ વસાવડાએ એક્સપોર્ટર્સ માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ગાઇડલાઇન્સ અને ફેસિલિટી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે કેવલ જાંબુડીયાએ 'ગ્લોબલ માર્કેટસ એન્ડ એક્સપોર્ટર્સ ફોરેકસ રિસ્ક મેનેજમેન્ટ વિશે, ચિંતન ભુપતાનીએ 'ગ્લોબલ ઇકોનોમિક એન્ડ રૂપી આઉટલુક ફોર ૨૦૨૪' વિશે અને EEPC ઇન્ડિયાના સિનિયર ડેપ્યુટી ડાયરેકટર સુધાકરન નાયરે 'બિઝનેસ ઓપોર્ચ્યુનિટીઝ ઇન ઇન્ટરનેશનલ એન્જીનિયરીંગ સોર્સિંગ શો ૨૦૨૪'વિશે એક્સપોર્ટર્સને માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ભારતમાં આશરે ૯૦,૦૦૦ જેટલા એક્સપોર્ટર્સ નોંધાયેલા છે, જેમાંથી લગભગ ૬૫,૦૦૦ સક્રિય એક્સપોર્ટર્સ છે. આરબીઆઇએ એક્સપોર્ટર્સ માટે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એકટ હેઠળ વિવિધ નિયમોના પાલન પર દેખરેખ રાખવા માટે એક્સપોર્ટ ડેટા પ્રોસેસિંગ એન્ડ મોનિટરીંગ સિસ્ટમ (EDPMS) તરીકે ઓનલાઇન રિપોર્ટીંગ સિસ્ટમ ફરજિયાત કરી છે. આ સિસ્ટમ અંતર્ગત કડક જોગવાઇ હોવાથી એક્સપોર્ટર્સે તેનું ચોકકસ ધ્યાન રાખવાનું હોય છે. જો તેમાં થોડી પણ ક્ષતિ રહી જાય તો એક્સપોર્ટર્સને નુકસાન થઇ શકે છે, આથી આરબીઆઇની એક્સપોર્ટ માટેની ગાઇડલાઇન્સ અને કોમ્પ્લાયન્સ તેમજ EPDMS સિસ્ટમમાં આવતી સમસ્યાઓ તથા તેના નિરાકરણ માટેની વિસ્તૃત જાણકારી સુરતના એક્સપોર્ટર્સને આપવાના હેતુથી અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુમાં ચેમ્બર પ્રમુખે એક્સપોર્ટર્સને જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ગુજરાત જ નહીં પણ ભારતમાંથી એક્સપોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્સપોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવા પ્રયાસ કરાઇ રહયો છે.








આ ઉપરાંત ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા-જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે, આથી તેમણે એક્ષ્પોર્ટર્સને મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

પ્રમુખ વકતા ગૌરાંગ વસાવડાએ એક્ષ્પોર્ટર્સને એક્ષ્પોર્ટ ઓર્ડર, એક્ષ્પોર્ટ માટેના ડોકયુમેન્ટેશન અને શિપમેન્ટ એન્ડ પેમેન્ટ વિશે માહિતી આપી હતી. તેમણે એર, સી, કુરિયર અને પોસ્ટ થકી થતા શિપમેન્ટ અને એક્ષ્પોર્ટ બીલ વિશે જાણકારી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, એક્ષ્પોર્ટર્સને ર૧ દિવસમાં ઓરિજીનલ ડોકયુમેન્ટ બેંકને આપવાના રહે છે. બેંક દરેક જાતના ટ્રાન્ઝેકશનમાં જુદા – જુદા ડોકયુમેન્ટ માંગી શકે છે. એક્ષ્પોર્ટર્સે શિપીંગ બીલમાં ડિસ્કાઉન્ટ ડિસપ્લે કરવું જોઇએ તેમ જણાવી તેમણે એક્ષ્પોર્ટર્સને રાઇટ ઓફમાં ધ્યાન રાખવાની સલાહ આપી હતી.

કેવલ જાંબુડીયાએ એક્ષ્પોર્ટર્સને ઇન્ફલુએશન, હેજીંગ સ્ટ્રેટેજી, હેજીંગ એન્ડ લિડીંગ સોલ્યુશન વિશે માહિતી આપી હતી. જ્યારે ચિંતન ભુપતાનીએ ગ્લોબલ માર્કેટ એન્ડ રૂપી આઉટલુક વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, રૂપિયો આગળ જઇને મજબૂત થવાનો છે. તેમણે યુએસ ડોલર ઇન્ડેકસ, ફોરેન એકસચેન્જ રિસ્ક વિશે માહિતી આપી હતી. તેમણે એક્ષ્પોર્ટર્સને મળતી ૩ ટકા સબસિડી વિશે પણ માહિતી આપી હતી.

સુધાકરન નાયરે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા દેશમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવી રહયા છે ત્યારે એક્ષ્પોર્ટર્સે તેનો લાભ લેવો જોઇએ. ગ્લોબલ બાયર્સને શું જોઇએ છે? તે સમજીને એક્ષ્પોર્ટર્સે વેલ્યુ એડેડ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરવી જોઇએ.

ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની જનરલ એન્જીનિયરીંગ કમિટીના સભ્ય પંકજ ત્રિવેદીએ કાર્યક્રમની રૂપરેખા આપી પ્રમુખ વકતાનો પરિચય આપ્યો હતો.

જનરલ એન્જીનિયરીંગ કમિટીના એડવાઇઝર મયંક દલાલ અને ચેરમેન દેવરાજ મોદી સેશનમાં ઉપસ્થિત રહયા હતા. વકતાઓએ એક્ષ્પોર્ટર્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

# CMAI આયોજિત '4th ફેબ શો'માટેનો રોડ-શો ચેમ્બર ઓફ કોમર્સ અને CMAIના સંયુક્ત ઉપક્રમે યોજાયો




ધ ક્લોથિંગ મેન્યુફેક્ચુરર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (CMAI) દ્વારા આયોજિત '4th ફેબ શો' માટેના રોડ-શોનું આયોજન સીએમએઆઇ અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે સોમવાર, તા.૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સીએમએઆઇના જોઇન્ટ સેક્રેટરી તેમજ સીએમએઆઇ ફેબ-શોના ચેરમેન નવિન સૈનાનીએ ફેબ-શો અંગે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'સુરતે ભારતની સીમાઓ ઓળંગીને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે નવું કઇક કરવાની જરૂર છે. સમગ્ર ભારતમાં ટેક્ષ્ટાઇલ માર્કેટમાં વાર્ષિક ૭૬૨૯ કરોડ સ્કવેર મીટર કાપડ બને છે, જેમાંથી વાર્ષિક ૧૮૦૦ કરોડ સ્કવેર મીટર કાપડ સુરત બનાવે છે, જે સુરતીઓ માટે ગર્વની વાત છે. એ જ સુરતીઓને ફેબ્રિકથી લઈને એસેસરીઝ, સેવાઓ, મશીનરી અને તેમજ અન્ય સુવિધાઓ એક જ જગ્યાએ ફેબ-શોમાં મળી જાય તો તેનાથી વધુ સારી વાત શું હોઈ શકે છે? તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બર પ્રમુખે વધુમાં  જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો માટે તેમના ઉત્પાદનને પ્રદર્શિત કરવા માટે ફેબ શો એક અનન્ય પ્લેટફોર્મ છે. તે માત્ર કોર્પોરેટ જ નહીં પણ નાના-મોટા સહિત તમામ ડીલરો અને ડિસ્ટ્રીબ્યુટર્સ માટે એક ઉપયોગી પ્લેટફોર્મ છે. ફેબ-શો કાપડના મેન્યુફેક્ચરર્સ માટેની એક સંપૂર્ણ સપ્લાય ચેઇન છે.

સીએમએઆઇના જોઇન્ટ સેક્રેટરી તેમજ સીએમએઆઇ ફેબ-શોના ચેરમેન નવિન સૈનાનીએ જણાવ્યું હતું કે, ખરીદદારો અને વેચાણકારોને એક જગ્યા પર લાવવા માટે ભારતનો સૌથી મોટો નેશનલ ગારમેન્ટ ફેર, બ્રાન્ડ્સ ઓફ ઇન્ડિયા જેવા વિવિધ એક્ઝિબિશન્સનું સીએમએઆઇ દ્વારા આયોજન કરવામાં આવે છે.

તેમણે ભારતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના ગ્રોથ પ્રોસેસની માહિતી આપી હતી. ઉદ્યોગ સાહસિકોને એક સારા શોમાં ભાગ લેવાથી વ્યાપારમાં શું લાભ થાય છે? તે અંગે તેમણે માહિતી આપી હતી. તેમણે વધુમાં ગત ત્રણ ફેબ-શો અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.

ફોસ્ટાના પ્રમુખ કૈલાશ હકીમે ટેક્ષ્ટાઇલની વિવિધ મુશ્કેલીઓ અને તેના નિરાકરણ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ ઉદ્યોગપતિ સુભાષ ધવન અને વિષ્ણુ અગ્રવાલે સીએમએઆઇ સાથેનો પોતાનો અનુભવ વ્યક્ત કર્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા,  તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ચેમ્બરના ગૃપ ચેરમેનો અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો આ રોડ શોમાં ઉપસ્થિત રહયા હતા. સીએમએઆઇના સાઉથ ગુજરાત રિજીયન ચેરમેન ડો. અજોય ભટ્ટાચાર્યએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ કર્યું હતું.









# ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોની નવી ટેક્ષ્ટાઇલ પોલિસી વહેલી તકે જાહેર કરવા ગુજરાતના માનનીય ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત સમક્ષ ભારપૂર્વક રજૂઆત



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને માનદ્‌મંત્રી કિરણ ઠુમ્મર સહિતના હોદ્દેદારોએ મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની રૂબરૂ મુલાકાત લીધી હતી. ચેમ્બરના હોદ્દેદારોએ કાપડ ઉદ્યોગના ઝડપી વિકાસ હેતુ ઉદ્યોગ મંત્રીને નવી ટેક્ષ્ટાઇલ પોલિસી વહેલી તકે જાહેર કરવા ભારપૂર્વક રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની હાલની ટેક્ષ્ટાઇલ પોલિસી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પૂરી થઇ રહી છે. અગાઉ ગુજરાત સરકારે કયારેય પણ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે બ્લેકઆઉટ પિરિયડ રાખ્યો નથી ત્યારે કોઇપણ પ્રકારના બ્લેકઆઉટ પિરિયડ રાખ્યા વગર નવી ટેક્ષ્ટાઇલ પોલિસી વહેલી તકે જાહેર કરવા માટે ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરાઇ હતી.

વર્ષ ૨૦૧૯ની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં સ્પીનિંગ ક્ષેત્રનો સમાવેશ કરાયો ન હતો તથા વર્ષ ૨૦૧૨ની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં માત્ર કોટન સ્પીનિંગને ઇન્સેન્ટીવનો લાભ આપવામાં આવ્યો હતો, આથી ગુજરાત સરકારની જે નવી ટેક્ષ્ટાઇલ પોલિસી જાહેર કરવામાં આવશે તેમાં મેન મેઇડ ફાયબરના સ્પીનિંગ સેકટરને આવરી લેવાની માંગ સાથે ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. હાલની ટેક્ષ્ટાઇલ પોલિસીમાં હાઇ ટેન્શન અને લો ટેન્શન વીજ કનેકશન ધરાવનારા ટેક્ષ્ટાઇલ એકમોને એલટીમાં રૂપિયા ર અને એચટીમાં રૂપિયા ૩ પ્રતિ યુનિટ પાવર સબસિડી આપવામાં આવી હતી ત્યારે આ લાભ નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં પણ ચાલુ રહે તેવી વિનંતિ કરવામાં આવી હતી.

નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિંગ, નીટિંગ, પ્રિપરેટરી, ડાઇંગ પ્રોસેસિંગ તથા એમ્બ્રોઇડરી વિગેરે સેકટરોને સામેલ કરાયા હતા ત્યારે આ સેકટરોને નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં પણ સામેલ રાખવા ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરાઇ હતી. આ ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટકા, તેલંગાણા અને તમિલનાડુ જેવા રાજ્યોમાં સ્થાનિક સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ એકમો માટે કેપિટલ સબસિડી આપવામાં આવે છે, આથી ગુજરાત સરકારની નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં કેપિટલ સબસિડીનું પ્રાવધાન રાખવા વિનંતી કરી જૂની પોલિસી પ્રમાણેની સબસિડી અને સહાય આપવાની માંગ ઉદ્યોગ મંત્રી સમક્ષ કરવામાં આવી હતી.

તદુપરાંત રિન્યુએબલ એનર્જીના ઇકવીપમેન્ટ નાંખનારા ટેક્ષ્ટાઇલ એકમોને સ્પેશિયલ ઇન્સેન્ટીવ આપવા રજૂઆત કરવામાં આવી હતી. સસ્ટેનેબલ ટેક્ષ્ટાઇલનું પ્રોડકશન કરનારા એકમોને પણ સસ્ટેનેબલ ટેકનોલોજી માટે ૫૦ ટકા સુધીનું કેપિટલ ઇન્સેન્ટીવ મળી રહે તેવું પ્રાવધાન કરવા વિનંતી કરવામાં આવી હતી.

ચેમ્બર પ્રમુખે ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરતા જણાવ્યું હતું કે, વહેલી તકે નવી ટેક્ષ્ટાઇલ પોલિસી જાહેર કરાશે તો ઘણા નવા પ્રોજેકટ પાઇપલાઇનમાં છે ત્યારે ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે ઝંપલાવી રહેલા ઉદ્યોગ સાહસિકો તેનો લાભ લઇ શકે તેમ છે. ચેમ્બર ઓફ કોમર્સદ્વારા કરાયેલી રજૂઆતના તમામ મુદ્દાઓને નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં આવરી લેવાશે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત અને ગુજરાતભરમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને તેનો લાભ મળશે.

ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો દ્વારા કરાયેલી ભારપૂર્વક રજૂઆતને ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુતે ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી. ગુજરાતમાં કાપડ ઉદ્યોગના ઝડપી વિકાસ હેતુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે તે અંગે તેમણે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી અને ગુજરાત સરકારની નવી ટેક્ષ્ટાઇલ પોલિસીમાં તમામ મુદ્દાઓનો સમાવેશ કરવાની તેમજ વહેલી તકે પોલિસી જાહેર કરવાની ખાતરી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને માનદ્‌મંત્રી કિરણ ઠુમ્મરે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની જરૂરિયાતો અને ઇન્ડસ્ટ્રીની વિવિધ માંગ વિશે ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરી હતી, જે અંગે ઉદ્યોગ મંત્રીએ હકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે 'વિસડમ ઓફ બિઝનેસ' વિશે સેમિનાર યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ર૩ ડિસેમ્બર, ર૦ર૩ના રોજ સાંજે પ:૦૦ કલાકે એસઆરકે ઇન્સ્ટીટયુટ ઓફ સ્કિલ્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'વિસડમ ઓફ બિઝનેસઃ એકસપીરિયન્સ ધ પાવર ઓફ નેટવર્કિંગ એન્ડ ગ્રોથ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં એસઆરકેકેએફના ચીફ ઓપરેટિંગ ઓફિસર તેજલ પારેખે ઉદ્યોગ સાહસિકોને સફળ બિઝનેસના મહત્વના પાસાઓ વિશે માહિતી આપી હતી.

એસઆરકેકેએફના ચીફ ઓપરેટિંગ ઓફિસર તેજલ પારેખે 'વિસડમ ઓફ બિઝનેસ' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

તેમણે બિઝનેસનો ગ્રોથ કેવી રીતે કરવો? અને સફળ બિઝનેસ માટે કેવું મેનેજમેન્ટ હોવું જોઇએ?, લીડરશીપ કેવી રીતે કરવી? તેમજ ટીમ વર્કમાં કેવી રીતે કાર્ય કરાવવું? વિશે એકિટંગ થકી વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ કમલેશ યાજ્ઞિકે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ વકતાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન કૃતિકા શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું.

વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઇઝર સ્વાતી શેઠવાલાએ સેમિનારનું સંચાલન કર્યું હતું અને એડવાઇઝર જ્યોત્સના ગુજરાતીએ તમામ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલા તથા અન્ય મહિલા સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા.

વકતાએ મહિલા સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.








## 'રીલ- યોર ડિજીટલ મીલ'વિષય પર સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રીલ- યોર ડિજીટલ મીલ' વિષય પર સેશન યોજાયું હતું. જેમાં વક્તા તરીકે સુરતીઝ એન્ડ એડિટના સંસ્થાપક કેયુર મોદીએ યુવાનોને પોતાની ક્રિએટીવિટી થકી રીલ કેવી રીતે બનાવી શકાય? તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ગૃપ ચેરમેન નિરવ માંડલેવાલા તથા યુવા ઉદ્યોગ સાહસિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન મહેશ પમનાનીએ સમગ્ર સેશનનું સંચાલન કરી સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

## 'યુવા સંગમ-3' કાર્યક્રમ અન્વયે બિહારના ૪ ફેકલ્ટી અને ૪૫ યુવા પ્રતિનિધીઓએ ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લીધી

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ IIIT-સુરત અને IIM બિહારના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'યુવા સંગમ-3' કાર્યક્રમ અન્વયે સુરતના મહેમાન બનેલા બિહારના ૪ ફેકલ્ટી અને ૪૫ યુવા પ્રતિનિધીઓ મળી કુલ ૪૯ અતિથિઓએ તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન યુવા સંગમે ચેમ્બર ઓફ કોમર્સની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી.

યુવા સંગમ-ત્રીજા તબક્કાની ઉજવણી હેઠળ તા. ૨૪થી ૨૯ ડિસેમ્બરના ૬ દિવસીય કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રવાસનના ભાગરૂપે અતિથિ ટીમે સુરતના વિવિધ સ્થળો અને ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લીધી હતી. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના વિચાર સાથે આયોજિત યુવા સંગમનો મુખ્ય ઉદ્દેશ્ય વિભિન્ન સંસ્કૃતિ અને પરંપરાના આદાન-પ્રદાન થકી લોક જોડાણને મજબૂત કરી દેશના યુવાનોમાં જાગૃતિ ફેલાવવાનો હતો.

## એસબીસી દ્વારા 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા નોલેજ સેશન અંગે મિટીંગ



શનિવાર, તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ – એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા નોલેજ સેશન' અંગેની મિટીંગ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે મળી હતી. આ મિટીંગમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૫૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

એસબીસીના ચેરમેન ચિરાગ દેસાઇના અધ્યક્ષપદે મિટીંગ યોજાઇ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. એસબીસીના કો–ચેરપર્સન સ્નેહા જરીવાલા દ્વારા એસબીસી નોલેજ સેશન લેનાર ભાવિન શાહનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાવિન શાહ દ્વારા 'ઓબ્સ્ટેકલ ટુ ઓપોર્ચ્યુનિટી' વિષય પર ખુબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. એસબીસીના કો–ચેરમેન નિરવ બરફીવાલા તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. મિટીંગના અંતે મુફદ્દલ હૈદરમોટાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ બ્રંચ વિથ નેટવર્કિંગનો આનંદ લઇ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છુટા પડયા હતા.

---

## સ્કોપ ઓફ કેપિટલ ગુડ્સ સેકટર ઇન ધ ટેકનિકલ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી વિશે સેમિનાર




ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ એસેસરીઝ એન્ડ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશન (ITAMMA) દ્વારા મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:30 કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્કોપ ઓફ કેપિટલ ગુડ્સ સેકટર ઇન ધ ટેકનિકલ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ ઉદ્યોગકારો અને વેપારીઓને ઉદ્બોધન કર્યું હતું.

આ સેમિનારમાં ITAMMAના તત્કાલિન પૂર્વ પ્રમુખ પુર્વિક પંચાલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

મંત્રાના ડાયરેકટર ડો. પંકજ ગાંધી, બારડોલીની R.N.G. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના પ્રિન્સીપલ ડો. લતેશ ચૌધરી, કેપિટલ ગુડ્સ એન્ડ સ્ટ્રેટેજીક સ્કીલ કાઉન્સીલ– નવી દિલ્હીના ચીફ ઓપરેટીંગ ઓફિસર એન્ડ એકટીંગ સીઇઓ શાલિની સિંઘ, SAMBUQ.COMના ડાયરેકટર એન્ડ ડિજીટલ બિઝનેસ એનેબ્લર મેહુલ ગોસ્વામી, MERCURY WEBના ડાયરેકટર નીતી મ્હાત્રે અને ITAMMAના ડાયરેકટર જનરલ (ટેક.) એન.ડી. મ્હાત્રેએ વકતવ્ય રજૂ કર્યું હતું.

# એસબીસીની બિઝનેસ પ્રેઝન્ટેશન ઇન કોલાબ્રેશન વિથ જેબીએન અને એસવીવીપી વિશેની મિટીંગ




મંગળવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેક્ટ એસબીસીની બિઝનેસ પ્રેઝન્ટેશન ઇન કોલાબ્રેશન વિથ જેબીએન અને એસવીવીપી વિશેની મિટીંગ ક્રેટોસ ક્લબ, પાલ, સુરત ખાતે મળી હતી.

આ મિટીંગમાં ત્રણેય સંસ્થાના સભ્યો અને મુલાકાતઓ મળીને ૯૮ સભ્યોએ હાજરી આપી હતી. એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઇના અધ્યક્ષ પદે આ મિટીંગ યોજાઇ હતી, જેમાં ચેરમેનશ્રીએ સર્વેને આવકાર્યા હતા તેમજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા એસબીસી અને એસવીવીપીની પ્રવૃત્તિ અંગે વિગતવાર માહિતી આપી હતી. જેબીએનના પ્રમુખ ડો. નિરવ જૈન દ્વારા જેબીએન વિશેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. એસબીસીના સભ્ય મિહિર જરીવાલાએ એજ્યુકેશન સ્લોટ લેનાર શ્રી પરિમલ શાહનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી પરિમલ શાહ દ્વારા 'ઇન્વોલ્વ ટુ ઇવોલ્વ' વિષય પર ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

એસબીસીના કો–ચેરમેન શ્રી નિરવ બરફીવાલા તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. એસવીવીપીના ચેરમેન ડો. દેવાંગ ગાંધીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ બ્રંચ વિથ  નેટવર્કિંગનો આનંદ લઇ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છુટા પડયા હતા.

---

# એસબીસીની બિઝનેસ પ્રેઝન્ટેશન ઇન કોલાબ્રેશન વીથ પ્રજાપતી પેન – પ્રજાપતિ આંત્રપ્રિન્યોર નેટવર્ક વિશેની મિટીંગ




ગુરૂવાર, તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેક્ટ – એસબીસીની બિઝનેસ પ્રેઝન્ટેશન ઇન કોલાબ્રેશન વીથ પ્રજાપતી પેન – પ્રજાપતિ આંત્રપ્રિન્યોર નેટવર્ક વિશેની મિટીંગ સીઝનલ લીફ, સુરત ખાતે મળી હતી,  જેમાં બંને સંસ્થાના સભ્યો અને મુલાકાતઓ મળીને ૧૧૭ સભ્યોએ હાજરી આપી હતી.

એસબીસીના ચેરમેન ચિરાગ દેસાઇના અધ્યક્ષ પદે આ મિટીંગ યોજાઇ હતી, જેમાં ચેરમેને સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. જ્યારે પેન – પ્રજાપતિ આંત્રપ્રિન્યોર નેટવર્ક વિશેની માહિતી સીઇઓ મનોજ પ્રજાપતીએ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને ગૃપ ચેરમેન દીપક કુમાર શેઠવાલાએ મિટીંગમાં ખાસ હાજરી આપી હતી અને એસબીસીની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

એસબીસીના કો–ચેરમેન ચંદ્રકાંત પ્રજાપતી તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. પેન – પ્રજાપતિ આંત્રપ્રિન્યોર નેટવર્કના ડિરેકટર ચિરાગ ઓઝાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ ડીનર વીથ નેટવર્કિંગનો આનંદ લઇ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છુટા પડયા હતા.

# EXHIBITIONS FOR THE YEAR 2024-25

3rd EDITION
WEAVE KNITT EXHIBITION® 2024
THE COMPLETE FABRIC SHOW
6 7 8 JULY 2024

10th EDITION
SITEX™
SURAT INTERNATIONAL TEXTILE EXPO
20-21-22 JULY 2024

6th EDITION
YARN EXPO™
An International Trade Show
9 10 11 AUGUST 2024

The Complete B2C Expo
SPARKLE INTERNATIONAL '24®
Gems & Jewellery Exhibition
30 & 31 Aug. - 1 Sep. 2024

11th EDITION
SITEX™
SURAT INTERNATIONAL TEXTILE EXPO
10-11-12 JAN 2025

5th EDITION
SGCCI Food & Agri TECH®
7 8 9 FEBRUARY 2025

Health & Wellness Expo
7 8 9 FEB '25

SURAT INTERNATIONAL
7th Edition
auto expo®
7-8-9-10 MARCH 2025
FUELLING THE FUTURE OF MOBILITY

Surat Startup Summit '24

SGCCI GARMENT EXPO 2024
Vendor Networking Opportunities

# EXHIBITIONS FOR THE YEAR 2023-24

8th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
8-9-10 July, 2023

5th EDITION YARN EXPO™
An International Trade Show
4 5 6 AUGUST 2023

The Complete B2C Expo SPARKLE INTERNATIONAL '23
Gems & Jewellery Exhibition
25 26 27 AUG '23

Surat Startup Summit '23
27 28 29 OCT 2023

SGCCI GARMENT EXPO 2023
Vendor Networking Opportunities
27 & 28 DECEMBER

9th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
6-7-8 JAN 2024

4th EDITION SGCCI Food & Agri TECH®
10 11 12 FEBRUARY 2024

Health & Wellness Expo
10 11 12 FEB '24

14th Edition Udyog® 2024
23 24 25 26 FEB
Ideal Platform for MSME

SURAT INTERNATIONAL auto expo® 6th Edition
15-16-17-18 MARCH 2024
FUELLING THE FUTURE OF MOBILITY

SITME '24
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
20 - 21 - 22 APRIL 2024

LAB GROWN DIAMOND & JEWELLERY EXPO
A COMPLETE B2B EXPO

Vyapar
A MEGA TRADE FAIR
17-18-19 MAY 2024

SMART EDUCATION EXPO 2024
17-18-19 MAY 2024

MEGA BUILD EXPO 2024
AN EXHIBITION OF BUILDING MATERIALS

SGCCI Event EXPO

SGCCI painting EXPO

**Imprint Line: 'SAMRUDDHI – Gujarati' Quarterly Magazine**

**Owner – Printer & Publisher,** Mr. Dhanendra Rajmal Patil, **Office address:** "SAMRUDDHI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat. 395007, Gujarat, India. **Editor** – Nikhil Madrasi. **Printed** at Design House, U-1, Chandan Baug Apt. Op. Gopipura, Surat, 395003 and **Published from** "SANHATI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat-395007, Gujarat, India. **Phone:** +91 261 2291111 / **Email:** info@sgcci.in / **Web.:** www.sgcci.in